Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૦ • અંક : ૪૭ • તા. ૨૦ નવેમ્બર ૨૦૧૭ થી ૨૭ નવેમ્બર ૨૦૧૭ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17

## વિશ્વવ્યોમમાં ઝળહળતું તેજસ્વી જ્ઞાતિ રત્ન
## આંતર રાષ્ટ્રીય નાણાં ભંડોળ (INTERNATIONAL MONETARY FUND)ની
## એકસટર્નલ ઓડીટ કમિટીના અધ્યક્ષપદે
## બીરાજમાન સૌ પ્રથમ ભારતીય નાગરિક



First Indian as Chairperson of External Audit Committee (EAC) of (IMF) from 1-11-2017

## CA શ્રી કમલેશ શીવજી કુંવરજી વિકમશી

(જ્ઞાતિની સને ૧૯૩૬માં (૮૧ વર્ષ પૂર્વે) સ્થપાયેલી મે. ખીમજી કુંવરજી કું., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસમાં સીનીયર પાર્ટનર)

છેલ્લા પાંત્રીસ વર્ષથી, સને ૧૯૮૨થી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરિકે પ્રેક્ટિસ કરતા કમલેશભાઈના મેઘધનુષી ગૌરવ સ્તંભો

### PRESENT INTERNATIONAL POSTS

• Appointed as Chairperson of External Audit Committee (EAC) of International Monetary Fund (IMF), Washington D.C., U.S.A. w.e.f. 1st November 2017 for 3 years • Appointed as member of Independent Management Advisory Committee (IMAC) of International • Telecommunication Union (ITU), Geneva, w.e.f. 1st January, 2016 for four years • Audit Advisory Committee of United Nations Children's Fund (UNICEF), New York, U.S.A. w.e.f. 13th October, 2015 for 3 years • Also being Appellate Authority constituted under Section 22A of Chartered Accountants Act, 1949 • Member of Income Computation Disclosure Standards Committee of Central Board of Direct Taxes (CBDT) • Trustee and Treasurer, Global Vipassana Foundation, an internationally renowned Trust which has constructed Global Pagoda in Mumbai

**In the Past :** President, The Institute of Chartered Accountants of India (ICAI), President, The Confederation of Asian and Pacific Accountants (CAPA), Board Member, International Federation of Accountants (IFAC), Member of Audit Advisory Committee of United Nations Development Programme (UNDP), New York, Member since 1st July, 2010 and Chairperson from 1st July, 2014 to 30th June, 2015 and Member, Steering Committee of United Nations for Comprehensive Review of Governance and Oversight within the United Nations, and its funds, programme and specialized agencies.

સમસ્ત જ્ઞાતિ વતી 'પ્રકાશ-સમીક્ષા'નાં ઓજસ્વી અભિનંદન
અને શૈલશિખરીય સહસ્ત્ર શુભેચ્છાઓ

|| શ્રી અજિતનાથાય નમઃ ||

**૧૨૫ વર્ષ પ્રાચિન**

# શ્રી અજિતનાથજી મહારાજ જૈન દેરાસરજી તિર્થ, વાંકુ

## જીર્ણોધ્ધાર સહ નવ-નિર્માણ પંચાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ અંગેના વિવિધ ચડાવાઓ પ્રસંગે પધારવા

# ભાવભર્યું નિમંત્રણ

ઉછામણીનો
શુભ દિવસઃ
રવિવાર,
તા. ૨૬-૧૧-૨૦૧૭
સમય : ૨.૩૦ ક.

: શુભ સ્થળ :
લાયન્સ કોમ્યુનીટી હોલ,
ગારોડીયા નગર,
ઘાટકોપર (ઈસ્ટ),
મુંબઈ - ૭૭.

❖ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ❖
નવકારમંત્ર આરાધક **શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ (વાંઢ)**

**સુજ્ઞશ્રી,**

જય જિનેન્દ્ર ! સહર્ષ જણાવવાનું કે આપણા વાંકુ નગરની ધન્ય ધરા પર શ્રી અજિતનાથજી મહારાજ જૈન દેરાસરજીનું પાયાથી જીર્ણોધ્ધાર પૂર્ણ થયેલ છે.

તપચક્રવર્તી અચલગચ્છાધિપતિશ્રી **પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.**ની પાવનકારી નિશ્રામાં તેઓશ્રીના વરદ્હસ્તે પ્રભુજીની પુનઃપ્રતિષ્ઠા સંવત ૨૦૭૪ વૈશાખ વદ ૧૪ને રવિવાર, તા. ૧૩-૫-૨૦૧૮ના રોજ નક્કી થયેલ છે. યોગાનુયોગ વાંકુ તીર્થને ૧૨૫ વર્ષ પૂર્ણ થતા આ બંન્ને પ્રસંગોની ઉજવણી રૂપે પંચાન્હિકા મહોત્સવનું આયોજન તા. ૧૦-૦૫-૨૦૧૮ થી તા. ૧૪-૦૫-૨૦૧૮ના રોજ કરવામાં આવેલ છે.

ઉપરોક્ત પ્રસંગે આયોજિત પંચાન્હિકા મહોત્સવના વિવિધ ચડાવાઓનો અણમોલો લાભ લેવા, માદરે વતનના શ્રેષ્ઠ સ્થાને કાયમી સંભારણારૂપી મળેલ અમુલ્ય તકને ઝડપી લેવા આપશ્રીને, સર્વે ગામાઈ ભાઈ બહેનોને, નિયાણી બહેનોને સહપરિવાર, વેવાઈ પરિવારો, સગા-સંબંધીઓ, અતિથિઓ તેમજ આમંત્રિત મહેમાનોને પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ.

**સાધર્મિકભક્તિ સાંજે ૫.૦૦ ક. સહકુટુંબ લાભ આપવા નમ્ર વિનંતી.**

● વેલેટ પાર્કીંગની વ્યવસ્થા રાખેલ છે. ●

લિ. **શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન, વાંકુ** તથા
**શ્રી અજિતનાથજી મહારાજ જૈન દેરાસરજી ટ્રસ્ટ, વાંકુ**

**સંપર્ક :**

| | | |
|---|---|---|
| શ્રી રમેશ ત્રીકમજી સોની | પ્રમુખ | મો.: 98200 34251 |
| શ્રી દામજી નરશી સોની | માનદ્મંત્રી | મો.: 99204 60553 |
| શ્રી ભવાનજી દેવશી લોડાયા | ટ્રસ્ટી | મો.: 98199 13967 |
| શ્રી મહેશ હિરજી લોડાયા | ટ્રસ્ટી | મો.: 98200 97629 |
| શ્રી નરેશ દામજી સોની | ટ્રસ્ટી | મો.: 98200 46566 |

ના જય જિનેન્દ્ર !

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ

**અંક નં. 47/2017**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
022-2508 4463 / 64 / 65

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## આપણી જ્ઞાતિમાં મૂળ ગોત્રો (ગતાંકથી ચાલુ)

**ધુલ્લા અને દોલત –** આ ગોત્ર લોડાયા ગોત્રની પેટા શાખા છે. દિલાવરી અને શ્રીમંતાઇનો વૈભવ અમુક પરિવારોમાં હોતાં તેમણે ધુલ્લા અને દોલત નામો તરીકે ઓળખ શરૂ કરી આ ઓળખના પરિવારો અને લોડાયા ગોત્રનો લગ્ન વ્યવહાર બાંધતા ન હતા. પ્રથમ લગ્ન સર વિસનજી ત્રીકમજી નાઈકના પુત્ર શ્રી મેઘજીશેઠ સાથે, શેઠ હેમરાજ ખીંયશીના પુત્રી લક્ષ્મીના થયા ત્યારથી જ્ઞાતિમાં એ ગોત્રો વચ્ચે લગ્નોની શરૂઆત થઈ. આ ગોત્રના વંશજો પોતાને ઉદયપુરના રાણાના સૂર્યવંશી વંશજો માને છે.

**દંડ ગોત્ર –** દંડ ગોત્ર મોતા ગોત્રની પેટા શાખા હોય તે માનવાનું કારણ એ છે કે શેઠ કેશવજી નાયકે શત્રુંજયગિરિ પર તથા કચ્છ કોઠારામાં બંધાયેલા જિનાલયોનાં શિલાલેખોમાં પોતાને મોતા ગાંધી ગોત્ર જણાવેલ છે. પણ તેમના વારસો પોતાને દંડ ગોત્ર તરીકે ઓળખાવે છે. શિક્ષા રૂપે દંડ કરેલ હશે તે ઉપરથી વારસોએ દંડ તરીકે ઓળખ ચાલુ રાખી એમ લાગે છે.

**ધરમશી ગોત્ર –** આ ગોત્રનું નામ કોઈ એક કુટુંબના મુખ્ય પુરૂષના નામ ઉપરથી પડ્યું છે. આ ગોત્ર અન્ય કોઈ ગોત્રની પેટા શાખા છે.

**લોડાયા ગોત્ર –** લોઢા ગોત્રના અપ્રભંશ નામો લોઢા અને લોઢાયા છે. છેવટે આ ગોત્ર લોડાયા તરીકે ઓળખાયું. લોઢા પરિવારના બે બંધુઓ. ટોડરમલ તથા ધનમલને અકબર બાદશાહે 'શાહ'ની પદવી આપી. ઘણાં લોડાયા પરિવારો પોતાની અટક તરીકે શાહ લખાવે છે. લોડાયા પરિવારના સભ્યો કાળી બકરી, કાળી ગાય ને કાળી ભેંસ રાખતા નથી. એકાદ પણ સફેદ નિશાની હોય તેવા ઢોર ખરીદવાનું ઇચ્છનીય ગણે છે.

**સોની –** આ વંશમાં નગાશેઠ નામના શ્રીમંત અમદાવાદમાં સોનાનો વેપાર કરતા હતા. વર્ષો બાદ તેમના વંશજોમાંના એક દેવશી શેઠે ઝાવેરાતનો વ્યાપર કર્યો. એટલે તેમના વંશજો સોની – પાછળથી ઝવેરી તરીકે પણ ઓળખાયા. આ વંશમાં થયેલ સંગ્રામ શેઠે શત્રુંજય ઉપર ચૌમુખ જિન પ્રાસાદ બંધાવ્યા છે.

**ગડા –** ગદાધર નામના વીરપુરુષ ઉપરથી આ ગોત્રનું નામ પડ્યું. મારવાડમાં આ ગોત્ર ગાદવા નામે ઓળખાય છે.

**બોરીચા –** આ પરિવારના પૂર્વજ બોહરજીના નામ ઉપરથી બોહરીચા ગોત્ર શરૂ થયું. અપભ્રંશ થયા બાદ બુરીચા, કે બોરીચા નામથી ઓળખાય છે.

**મોતા –** જૈનોમાં ભાંડશાલી અથવા ભાણશાલી તરીકે ઓળખાતા પરિવારોમાંથી એક ફાંટો મોતા ગોત્ર તરીકે ઓળખાય છે. માંડલના સંઘવી ભીમાના ભાઈ ભાણાના સંતાનો કચ્છી ઓસવાલો થયા. તેઓ રાજા વીસલદેવના કારભારી હોવાથી વીસરીયા મોતા કહેવાયા. આ વંશનો પરિવાર માંડવી તાલુકાના તલવાણા ગામમાં છે. પ્રથમ પુત્ર જન્મે ત્યારે કાન વિંધવાનો રિવાજ હતો.

**ભેદા –** ઝાલોરના સમરસિંહના નાના પુત્ર ભેદાજી એ ભેદારીઓ ગામ વસાવ્યું. તેમના નામ ઉપરથી ભેદા ગોત્ર શરૂ થયું.

**લુઠીયા –** આ ગોત્રમાં લુણાજી નામે મહાપુરૂષ થયા તેમના સંતાનો લુણિયા શાખા તરીકે ઓળખાયા. અપ્રભંશ થઈ લુઠીયા ગોત્ર થયું.

**ડાગા –** ડુંગરજી નામના પુરૂષના નામે આ ગોત્ર શરૂ થયું.

**લાલકા –** જોધપુરના દક્ષિણ તરફના પ્રદેશમાં સીવાણા નજીક લાલસિંહે લાલણા ગામ વસાવ્યું તેમના નામ ઉપરથી ગોત્ર શરૂ થયું. આ ગોત્ર ઘણા અપ્રભંશો ધરાવે છે. લાલણ, લાલણા, લાયકાય અને વર્તમાનમાં લાલકા ગોત્ર નામે ઓળખાય છે.

**મુનવર –** વોરા ગોત્ર પેટા શાખા છે. આ પરિવારમાં પુત્ર પ્રાપ્તિ અર્થે યોગીરાજ પાસે વરદાન

માગ્યું. યોગીરાજ આશીર્વાદ આપતાં પ્રથમ પુત્રની પ્રાપ્તિ થાય તે શિષ્ય તરીકે આપવા જણાવ્યું. વરદાન પ્રમાણે પુત્ર પ્રાપ્તિ થઈ પણ પુત્ર પ્રેમને કારણે તે દંપતિએ પુત્ર આપવા ઈચ્છા ન બતાવી. તે યોગીરાજે શાપ આપ્યો કે પરિવારમાં વીશ કુટુંબથી વધુ પરિવારો રહેશે નહિં. કોઈએ સલાહ આપી કે મુનિવરના નામથી ઓળખ શરૂ કરો. સલાહ પ્રમાણે તેમણે મુનિવર ગોત્ર શરૂ કર્યું. અપ્રભંશ થઈ મુનવર થયું.

**લાપસીયા –** રાઠોડ વંશના ક્ષત્રિયોમાંથી આ ગોત્ર શરૂ થયું. શ્રીમાલ, પુરાણમાં લૌડવાલ ગોત્રની પેટા શાખાઓ કુંડલીયા, કોચર, પાઠક, ગંગેચા અને લાપસીયા થયા.

**મોમાયા-વિકમશી –** પરમાર કુળમાંથી પેટા શાખાઓ શરૂ થઈ. કુટુંબના વડિલના નામ ઉપરથી અલગ અલગ ઓળખાયા.

**છેડા –** ચાવડા કુટુંબોમાં છેર ગોત્ર મારવાડી ઓસવાલોમાં અને ઉત્તર ભારતમાં પંજાવમાં ચડ્ડા અપભ્રંશ થતાં છેડા તરીકે ઓળખાયા.

**ખોના –** ખોના ગોત્ર મૈશેરીનો પેટા વિભાગ છે. ખન્નાનું અપભ્રંશ ખોના થયું.

**મૈશેરી –** તેઓ મહાદેવ અથવા શિવના ચુસ્ત અનુયાયી હતા. માહેશ્વરી, મહેશ્વરી અને છેવટે અપ્રભંશ થઈ મૈશેરી તરીકે ઓળખાયા. થરના નાગોર નગરમાંથી કચ્છમાં આવ્યા. કચ્છના પશ્ચિમ વિભાગમાં ભૂજ, મઢ, માંડવી અને અબડાસામાં વસતા મૈશેરી વાણીયાઓના અબડાસા વિસ્તારમાં જુજ પરિવારો રહેતાં તેઓ અબડાસામાં શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ સાથે ભળી ગયા. કરાડ જ્ઞાતિમાં કેટલાક પેટા વિભાગો હતા. જે બારડ, ધ્રોળ, ખોંભડીયા (ખોંભડા) કુરવા, માડણ, રાપડીયા અને વીટરીયા તરીકે ઓળખાતા.

મૂળ ગોત્રોની નોંધ રાજકવિ શંભુદાસ શામજીભાઈ ભટ્ટ પાસેથી મેળવી છે.

**– 'શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઈતિહાસના પ્રેરક બળો'**
પુસ્તકમાંથી સાભાર


**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

KDO
અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ**
૩૦૨/૩૦૬, નરશી નાથા સ્ટ્રીટ, શ્રી અનંતનાથજી ચોક,
મસ્જિદબંદર, મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : ૦૨૨-૨૩૪૪ ૮૨૭૪
આયોજીત

**૭૮મો સમૂહ લગ્ન મહોત્સવ**
**(મુંબઈ મુકામે)**
**ફાગણ વદ ૩ રવિવાર, તા. ૦૪-૦૩-૨૦૧૮**

**લગ્નમાં જોડાવવા ઈચ્છુકે**

**તા. ૧૫-૦૧-૨૦૧૮ સુધી મુંબઈ મહાજનશ્રી કાર્યાલયથી ફોર્મ પ્રાપ્ત કરી વિધિવત ભરીને જમા કરાવવા.**

**કાર્યાલય સમય :**
**સોમવાર થી શનિવાર**
**બપોરે ૧૨.૦૦ થી સાંજે ૬.૩૦ સુધી**

**નોંધ :** શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ દ્વારા ડીસેમ્બર ૨૦૧૭માં આયોજાયેલ માસ્ટર ચેફ ૨૦૧૭ અનિવાર્ય સંજોગે રદ કરવામાં આવેલ છે. ભાગ લેનાર સર્વેને પ્રવેશ ફી ચેક દ્વારા પાછી મોકલવામાં આવશે તેની નોંધ લેશોજી.

## વર્તમાનપત્ર બોમ્બે ગેઝેટમાં ૨૩ નવેમ્બર ૧૮૬૪ (૧૫૩ વર્ષ પહેલાં)
## જ્ઞાતિના નામવંત શેઠશ્રી વેલજી માલુને બ્રિટિશરાજની શ્રધ્ધાંજલિ



આપણા જયેષ્ઠ જ્ઞાતિજન શ્રી વીરચંદભાઈ કલ્યાણજી ધરમશી, નવી મુંબઈ, ખૂબ જુની એશિયાટીક લાઈબ્રેરીમાં ૧૪૦ વર્ષ પહેલાંના અંકો તપાસતા હતા ત્યારે આપણી જ્ઞાતિને લગતી બૉમ્બે ગેઝેટમાં પ્રકાશીત થયેલ માહિતીઓનું મોબઈલ દ્વારા ફિલ્માંકન કર્યું જે માહિતીને પ્રકાશ સમીક્ષા સમિતીના સભ્ય ઍડ. ઉદયન લાલજી શાહે આ ફોટોગ્રાફસને મેગ્નીફાઈંગ ગ્લાસથી વાંચી, ડીક્ટેટ કરી પ્રકાશ સમીક્ષાના વાચકો માટે ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ કરી છે.



આપણી જ્ઞાતિની છેલ્લી બે પેઢીઓને આપણી જ્ઞાતિની ગૌરવગાથા અને દરિવાયદિલ જ્ઞાતિજનોની ભાગ્યે જ કંઈક ખબર હશે અને એનું એક કારણ એ છે કે આપણી માતૃભાષાને છોડી અંગ્રેજી વાંચવાની ને બોલવાની ગાંડી ઘેલ છા. કેટલા કુટુંબો પોતાના પરિવારમાં સભ્યોને પ્રકાશ સમીક્ષા વાંચવાનું કહે છે?


આજે આવા એક આગેવાન શ્રી વેલજી માલુની વાત કરવી છે. શ્રી વેલજી માલુ નો દબદબો, એમની ધંધાની કુનેહ અને બ્રિટિશરાજ સાથે નજીકનો ઘરોબો કેવો હતો એ બોમ્બે ગેઝેટ વર્તમાનપત્રમાં એમને આપવામાં આવેલી શ્રધ્ધાંજલિ ઉપરથી ખ્યાલ આવે છે.

વર્તમાનપત્ર લખે છે કે અમે દૂ:ખપૂર્વક જણાવિએ છીએ કે શ્રી વેલજી માલુ જે વાણિયાઓના આગેવાન હતા, તેઓશ્રી ૨૦-૧૧-૧૮૬૪ને દિવસે માંડવી બંદર ખાતે મરણ ને શરણ થયા છે.

તેઓએ એમના સંખ્યાબંધ વારસો માટે રૂપિયા પચાસ લાખ (જે આજના લગભગ ૫૦૦ કરોડ હોવા જોઈએ) જેવો મોટા વારસો મુકી ગયા છે. જે તેમણે રૂ ધંધામાંથી કમાવેલ હતા તેઓ જ્ઞાતિના આગેવાન પોતાની સુઝબુઝ અને મહેનતથી બન્યા હતા.

પોતાના ધંધા માટે તેઓ દેશમાં ખૂબજ ફર્યા હતા. તેઓ શ્રી અને તેમના પુત્ર ત્રિકમજી વેલજી આર. કિંગ ગિલન અને કાું. માં ભાગીદાર હતા, તથા વેસ્ટર્ન ઈન્ડિયા ફાઈનાન્સ અને એક્સચેન્જ એસો. માં મુખ્ય પ્રમોટરો હતા. તેમના અવસાનથી એમની જ્ઞાતિને બહુજ ખોટ પડી છો.

### CONDOLENCE GIVEN TO SHRI VELLJEE MALLOO REPORTED IN BRITISH GAZZETT ON 23-11-1864


5 Sept. 1862

We regret to announce the decease of Mr. Vellijee Malloo, the head of Bania Community which occurred on the 20th Instant at Mandvi Bunder. He had numerous progeny to whom he leaves large fortune about fifty lacs of rupees accumulated chiefly by successful operation in the cotton trade. Mr. Velljee Mallo raised himself to the high position he held in the native community by his own energy and exertions. During this life time he travelled a good deal in pursuit of his business occupations. Mr. Velljee with his son Tricumjee Velljee, were partner in the firm of R. King, Gillan & Co., and were also principal promoters of the "Western India Finance and Exchange Association". His loss is greatly deplored by his own community.

### દક્ષિણ ભારતમાં વસવાટના પ્રેરક શેઠ વેલજી માલુ

જ્ઞાતિ શિરોમણી શેઠ નરશી નાથા બાદ જ્ઞાતિ હિતચિંતક તરીકેની મૂલવણી થઈ શકે તેવી મહાન વ્યક્તિ હતા નરશી નાથાના સાળા કુવાપરના વિસરીયા મોતા શેઠ ભારમલ તેજશી. ત્યારબાદ વ્યાપારી આલમમાં જ્ઞાતિનું નામ ઉજળું કરનાર હતા કોઠારાના શેઠ વેલજી માલુ.

શેઠ વેલજી માલુના પિતાશ્રી ધંધાના કારણે કચ્છના માંડવી બંદરે વસ્યા. મજૂરી કરતાં કરતાં ૨૦ હજાર કોરીની બચત થઈ. આફ્રિકાના મોખા અને હોદાદા બંદરોમાં વ્યાપાર અર્થે જવાની શ્રી વેલજી શેઠને ઈચ્છા થઈ. એક વહાણ દ્વારા મુંબઈ આવી જરૂરી વસ્તુ ખરીદી આફ્રિકાના પ્રવાસે પ્રયાણ કર્યું. ત્યાં સારા નફે માલ વેચી ઉપજેલ રકમમાંથી હાથી દાંત જેવો કિંમતી માલ મુંબઈ આવ્યા. આ સફરો ખેડવા માટે તે જમાનામાં છ માસ જેટલો સમય લાગતો. આવી ત્રણ ચાર સફરો ખેડી મલબાર કિનારાના બંદરો સાથે વેપાર કરવા સાતતાડમાં પેઢી નાખી.

પોતાના સાળા શા. મેઘજી દેવશી સાંધાણવાલાને કોચીન

અલપઈ મોકલ્યા. ટૂંક સમયમાં ત્યાં વ્યાપાર જામી ગયો. શ્રી હીરજી હંશરાજ કાયાણી કોચીન ગયા. તેઓ સ્થાનિક પ્રજામાં મુનીમોએ જે છાપ ઉપસાવી હતી તેથી ખૂબ પ્રભાવિત થયા. વિશ્વાસુ મુનીમોએ દૂરના પ્રદેશોમાં રહી ત્યાંની પ્રજા સાથે સૂઝબૂઝથી કામ લીધું તે સમગ્ર જ્ઞાતિને માટે પાયાનું કામ ગણાવી શકાય. આ કારણે દક્ષિણ ભારતમાં જ્ઞાતિની સાહસિકતાનો આરંભ થયો.

મલબારના ધંધામાં સારી સફળતા મળતાં રૂનો વ્યાપાર શરૂ કરવા માટે શા. વર્ધમાન પુનશીને કુમઠા બંદરે મોકલ્યા.

સને ૧૮૫૨ માં શા. ત્રીકમજી વેલજી કું. ના નામે રૂ નો વેપાર શરૂ કર્યો.

આ કંપનીમાં શા. પરબત લધા, શા. ગોવિંદજી લધા, શા. સામત ભીમશી, શા. પરબત પુનશી, શા નાગશી દેવણાંધ, શા. હીરજી ઉકેડા તથા શા. રતનશી દામજી ભાગીદાર બન્યા. આ ભાગીદારોએ રૂના ધંધાનો વિકાસ કર્યો. ખાનદેશ, વરાડ, મુગલાઈ, હુબલી, કુમઠા વગેરે સ્થળોએ ખરીદીના કાર્યો શરૂ થયા.

સને ૧૮૬૧ થી ૧૮૬૩ ના બે વર્ષના ટૂંકા ગાળામાં આ પેઢીની થાપણો વધીને ૬૦ થી ૭૫ લાખની થઈ આમાંથી કેટલાક ભાગીદારોએ પોતાનો નફો લઈ કચ્છમાં સ્થિર થયા અને બીજાઓએ દેશના વિવિધ વિસ્તારોમાં સ્વતંત્ર ધંધાઓ શરૂ કર્યો. કુમઠા બંદર જ્ઞાતિના વિકાસનું દ્યોતક છે.

સને ૧૮૬૧ની શરૂઆતમાં રૂનો ભાવ રૂા. ૧૦૦/- હતો. ઇંગ્લેંડ અમેરિકાની લડાઇના કારણે ભાવો વધીને રૂા. ૮૨૦/- થયા. આ કારણે દશા ઓશવાલ જ્ઞાતિ ભાઇઓ કરોડો રૂપિયા કમાયા. સને ૧૮૬૪માં ગુજરાત, ખાનદેશ, વરાડ વિસ્તોરોમાં રૂની ધૂમ ખરીદીઓ શરૂ થઇ. લડાઇ બંધ થતાં ભાવો ઘટી ગયા. શેઠ ત્રીકમજી વેલજીની કું. ઉપર પચ્ચીસ લાખની હુંડીઓ ઊભી રહી. આ હુંડીઓ મહિનાઓ સુધી ભરાઈ નહિ.

અંગ્રેજો પાસે રોકડ નાણું ન હોતાં તેમણે બદલામાં ૨૦ લાખની સોનાની પાટો આપી. હુંડીવાલાઓને સોનું આપી હુંડીઓ ભરપાઈ કરવા લાગ્યા. બે ત્રણ માસ સુધી શેઠ વેલજી માલુએ ખૂબ ચિંતામાં પસાર કર્યા. રૂ મુંબઈમાં ન ખપતાં વિલાયત મોકલ્યું. વર્ષાંતે સરવૈયામાં નુકશાની ન આવતા કષ્ટમય સમય પસાર થઈ ગયો. સને ૧૮૬૪માં વેલજી શેઠનું અવસાન થયું.

વેલજી શેઠના મૃત્યુ બાદ ત્રીકમજી શેઠના હાથમાં વહીવટ આવ્યો. તેમનામાં પિતા જેવા ગુણો ન હતા. પેઢીનો વહીવટ મુનિમ શા. તેજશી ઘેલાને સુપ્રત કર્યો, અને અમન ચમન મોજશોખમાં છુટે હાથે રકમ વાપરવા લાગ્યા.

આ સમયે કેળવણી ક્ષેત્રે વિશેષ શિક્ષણ લેનાર શ્રીમંતના પુત્ર હોવા છતાં ખરાબ સોબતી મિત્રોના કારણે તેઓ બુરી આદતોમાં ફસાયા. આનો અફસોસ તેમને મૃત્યુ સુધી સતત સતાવતો રહ્યો. સને ૧૮૭૭માં તેમનું અવસાન થયું.

શેઠશ્રી નરશી નાથાએ કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિને સંઘવાદી બનાવી. શેઠશ્રી વીરજી અને ભારમલ નરશી નાથા તેમજ શેઠશ્રી શીવજી નેણશી, શેઠ ભારમલ તેજશી, શેઠ વેલજી માલુ, શેઠ અભેચંદ રાઘવજી, શેઠ જીવરાજ રતનશી, શેઠ હીરજી ડોસા, શેઠ પાર્શ્વીર રાયમલ અને શેઠ વર્ધમાન નેણશી જેવા સમર્થ જ્ઞાતિરત્નોએ સંઘ ભાવનાને આગળ ધપાવી. સને ૧૮૫૯માં કોઠારા જીનાલયનો પાયો નંખાયો. આ જિનાલયના બાંધકામ માટે શેઠ શીવજી નેણશી, શેઠશ્રી વેલજી માલુ અને શેઠ કેશવજી નાયકે માતબર રકમો ખર્ચી.

મુંબઈ સ્તરેથી આમ કચ્છી દશા ઓશવાલોની ધંધાકીય પ્રવૃત્તિઓનો વિસ્તાર સમગ્ર ભારત ક્ષેત્રે થયો.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



**યાદ છે ને ? ? ?**

**શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ**

**રવિવાર, તા. ૨૬/૧૧/૨૦૧૭ નો સ્નેહ-મિલન પ્રસંગ ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે અંકિત થશે.**

**ગામવાસીઓ તથા નિયાણી બહેનોને સહપરિવાર પધારવાનું આમંત્રણ**

**આપનું સહપરિવાર આગમન એ સ્નેહ-મિલનને ઐતિહાસિક બનાવશે.**

**જરૂરથી પધારશો**

**આમંત્રણ પત્રિકા તો મળી જ હશે... પણ લ્યો, ફરી યાદ દેવડાવીએ**

**:: સમય ::**
**સવારે ૮=૦૦ કલાકથી...**

**:: શુભ સ્થળ ::**
**રામજી અંદરજી વાડી,**
**ચંદાવરકર રોડ, માટુંગા (સે.રે.), મુંબઈ-૧૯**

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ભાગ ૨

- **ડૉ. વીરચંદ લખમશી નાગડા,** M.B.B.S. (Bom), **મુલુંડ, M : 09757303562 / 07069621931**

**૭) એરકંડીશન અને ઉંઘ :** ગરમી હોય ત્યારે ઘણા એરકંડીશન વાપરે છે. ફૂલ એ.સી. વાપરો તે પહેલા જાપાનના શોધકર્તાઓનો એ વિશે અભ્યાસ જાણી લઈએ. ગરમીના દિવસોમાં એ.સી.માં સુવાથી સારી ઉંઘ આવે છે એમ સૌ માને છે પરંતુ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે એ.સી.ની ઉંઘ પર માઠી અસર થાય છે. જાપાનની તોયોહાશી યુનિવર્સિટિના અભ્યાસીઓનું કહેવું છે કે એ.સી.માંથી આવતી હવાનો પ્રવાહ શરીરને ઉંઘમાં સ્ટીમ્યુલેટ (ઉત્તેજીત) કરે છે. આખી રાત એ.સી. ચાલુ રાખીને સુવાનું હેલ્થ માટે સારું નથી. ઘણા લોકો ઠંડકથી થથરી જવાને કારણે અચાનક ઉંઘમાંથી જાગી જાય છે. રિસર્ચરોએ અભ્યાસ માટે બે ગ્રુપને જુદા જુદા રૂમમાં જુદા જુદા એરફ્લો, વેલોસીટીમાં (હવા વહેવાનો વેગ) ઉઘાડીને તેમના મગજની ગતિવિધિની નોંધ કરી એમાં જણાયું કે જ્યારે Airflow (હવાનું વ્હેણ) ખૂબ વધુ હોય ત્યારે એ રૂમમાં સુતેલા લોકો વારંવાર જાગી જાય છે. એની સરખામણીએ ઓછી હવા વ્હેવાની ક્રિયાવાળા અને મધ્યમ તાપમાન હોય તેવા રૂમમાં સુતેલા લોકોની ઉંઘમાં ઓછી ખલેલ પડે છે. માટે ખૂબજ ગરમી હોય અને એ.સી. વાપરવું હોય તો મધ્યમ તાપમાન રહે એમ રાખવું અને હાલમાં શહેરોમાં હવામાં ઓક્સીજનનનું પ્રમાણ ઓછું હોવાથી એમાંથી હવાનું વ્હેણ ઓછું રાખવું એ આરોગ્ય માટે હિતાવહ છે. એ.સી.માં સુવાથી કેન્સર થવાની શક્યતા પણ છે.

**૮) પ્રાણાયામ વિશે લેવાની કાળજી :** પ્રાણાયામ કરવું હોય તો તે માટેનું સ્થળ મચ્છર - જંતુ રહિત, ઘોંઘાટ રહિત અને પ્રદુષણ વગરનું હોવું જોઇએ અને અન્ય બાધાઓ થી મુક્ત હોવું જોઇએ. કોઇને શરદી, ગળાનું ઇન્ફેકશન, કફ, ટી.બી. જેવી ચેપી બિમારી હોય તો વ્યક્તિ પ્રાણાયામ કરનારની નજદીક હોય તો હવામાં તે વ્યક્તિના શ્વાસમાં નીકળેલા જંતુ-બેક્ટેરીયા પ્રાણાયામ કરનારના શ્વાસમાં જઇ નુકશાન કરી શકે. તેમજ શરદી, ગળાનું ઇન્ફેકશન હોય તેવી વ્યક્તિએ પ્રાણાયામ ન કરવું, નહીં તો ચેપ અંદર ફેફસામાં ફેલાશે. ભસ્ત્રિકા અને સૂર્યભેદન પ્રાણાયામ ઉષ્ણતાપ્રદ પ્રાણાયામ છે તેથી ગરમ ઋતુમાં, ગરમ પ્રદેશમાં અને પિત્ત પ્રકૃતિવાળા સાધકે સાવચેતી પૂર્વક કરવા. મધ્યાહનના સમયે ભસ્ત્રિકા પ્રાણાયામ ન કરવો. શિતલી અને સીતકારી પ્રાણાયામ શિતપ્રદેશ અને ઠંડી ઋતુમાં ન કરવા. કફ પ્રકૃતિના શાધકોએ પણ આ અભ્યાસ કરવામાં સાવચેતી રાખવી. પ્રાણાયામ ખાલી પેટે કરવા. વ્હેલી સવારે, ભોજન પછી પાંચ કલાકે, હળવા નાસ્તા પછી અઢી કલાકે અને એકાદ ગ્લાસ દૂધ પછી અડધા કલાકે પ્રાણાયામ કરવા. પિત્ત પ્રકૃતિના સાધકે થોડું દૂધ પીધા પછી અડધા કલાકે પ્રાણાયામ કરવા. પ્રાણાયામ કર્યા પછી અડધો કલાક કાંઈ પણ ન ખાવું. પલંગ પર કે ગાદી પર પ્રાણાયામ ન કરવા. ભોંય પર (જમીન પર) ચટાઈ કે જાડું કાપડ પાથરી પ્રાણાયામ કરવું. સિદ્ધાસન, પદ્માસન, સવસ્તિકાસન અને શમાસન આ ચાર ધ્યાનોપયોગી આસનો છે. પ્રાણાયામ દરમ્યાન તેમાંના કોઈ એક આસનમાં બેસવું. સિદ્ધાસન ઉત્તમ ગણાય છે. ભસ્ત્રિકા પ્રાણાયમ કરતી વખતે પદ્માસનમાં બેસવું. ગરમ કે અતિગરમ સ્થળે કે ઋતુ કરતાં સમધાત કે શીતપ્રદેશમાં પ્રાણાયામ કરવું હિતાવહ છે.

**૯) અલ્ઝાયમર્સ અને જાંબળી રંગના ફળો, શાકભાજી :** વિવિધ ફળો અને શાકભાજીને રંગ આપતાં રંજક દ્રવ્યો, આપણા શરીરના ચેતાકોષો વચ્ચેનું જોડાણ સુધારવામાં ઘણો મહત્ત્વનો ભાગ ભજવે છે. એનાથી મગજને લાગતો ઘસારો (Degencration) પણ અટકી શકે છે. બ્રિટનની યુનિવર્સિટી ઑફ માન્ચેસ્ટરના રિસર્ચરોનું કહેવું છે કે બ્લ્યુબેરી, જાંબુ, રિંગણા અને એના જેવા જાંબુડા રંગના ફળો અને શાકભાજી ખાવાથી અલ્ઝાયમર્સમાં ખૂબજ ફાયદો થાય છે. કેમકે જાંબુડી


**મુલાકાત લો અને જુઓ**
**"CRYSTAL MAGIC" (ક્રીસ્ટલ મેજીક)**

રજુઆત : **સૌ. દિપલ દિપક દંડ,** તેરા-મુલુંડ
(થેટા, ક્રીસ્ટલ મેજીક અને રેકી હીલર) મળો
શ્રી ક.દ.ઓ. સ્ટુડેન્ટ એ.સો.ના આગામી વ્યાપાર/આનંદ મેળામાં

સ્થળ : **નિર્મલ લાઈફ સ્ટાઈલ મોલ,**
મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
**તારીખ : રવિવાર, તા. ૨૬-૧૧-૨૦૧૭**

**"CRYSTAL MAGIC" ના નામે સ્ટોલ છે :**
સ્ટોલ ઉપર આપને અલગ વેરાયટીઓમાં ક્રીસ્ટલ મલશે જેનાથી માંદગી તથા લાગણીકારક (EMOTIONAL) તકલીફો દૂર થઈ શકે છે તેમજ એ આપના ઘરમાં સમૃદ્ધિ અને હકારાત્મક વાતાવરણ સર્જી શકે છે, સાથે જ આપના દેખાવને તથા આપની અંદરની શક્તિ (ઉર્જા)ને ખીલવી શકો છો.

**આપની જરૂરીયાત/તકલીફો મુજબના ઈલાજ માટે તે પ્રમાણે ઑર્ડર અમારા સ્ટોલ ઉપર સ્વીકારવામાં આવશે.**

**અવશ્ય પધારો...**
**સંપર્ક નંબર : 9867120640**

રંગના ફળ અને શાકભાજીમાં ડીટોક્સીફાઈંગ (શરીરમાંના ઝેરી પદાર્થને બહાર કાઢવા) કરવાની ક્ષમતા વધુ હોય છે. એનાથા હાઈડ્રોકિશલ તરીકે ઓળખાતું ઝેરી કેમિકલ શરીરમાં પેદા થતું અટકે છે. આ કેમિકલ મગજની ડીજનરેટીવ બિમારીઓ લાવવા માટે કારણભૂત હોય છે. જાંબુડી ફળો અને શાકભાજીમાં વિટામીન 'સી' પણ હોય છે એનાં કારણે ઝેરી તત્ત્વો મગજમાં ક્યાંય જમા થતાં નથી. શાકભાજીમાં જાંબુડી કોબી અને ફળોમાં બ્લ્યુબેરીથી સૌથી વધુ ફાયદો થાય છે. (વધુ વિસ્તારપૂર્વક જાણવા ''ભૂલકણાપણું અને અલ્ઝાઈમર્સ'' પ્રકાશ સમીક્ષા ૧૭ જુલાઈ થી ૨૩ જુલાઈ ૨૦૧૭ નો અંક Online જુઓ)

**૧૦) બ્રોકોલી :** બ્રોકોલીએ કોબી અને ફ્લાવરના પ્રકારનું શાક છે. એમાં વિટામીન અને ખનીજો ભરપૂર હોય છે. મેડીટેરીયન પ્રદેશના દેશોમાં તેનું મૂળ મનાય છે. બ્રોકોલીનું છોડ ફ્લાવર જેવું હોય છે જે ૧.૫થી ૨.૫ ફૂટ જેટલું ઉંચુ હોય છે. બ્રોકોલી ઘેરા લીલા રંગની હોય છે. તેનો વિશિષ્ટ સ્વાદ હોય છે. તેના પાન કડવા હોય છે એટલે વાપરવામાં નથી આવતા. પોષણની દૃષ્ટિએ બ્રોકોલી ખૂબજ ઉપયોગી છે એટલે દુનિયામાં ખૂબ મોટી માત્રામાં ઉપયોગ થાય છે. વિશિષ્ટ સ્વાદના કારણે બાળકો તેને પસંદ નથી કરતાં, પણ સ્વાસ્થય માટે ખૂબ ઉપયોગી થઈ શકે માટે બાળકોને પણ થોડું થોડું ખવડાવવાની ટેવ પાડવી જોઇએ જેથી ધીરે ધીરે તેઓ પણ ખાતા થાય. બદલાતી જીવનશૈલી અને આહારપધ્ધતિના કારણે ઘણા બધા લાઇફ-સ્ટાઈલ ડીસઓર્ડસ (આજકાલ જીવનપધ્ધતિ બદલની બિમારીઓ) થઈ રહ્યા છે, એમાંથી બચવા બ્રોકોલી મહત્ત્વપૂર્ણ ભાગ ભજવી શકે તેમ છે. નવા સંશોધનો એમ કહે છે બ્રોકોલી કેન્સર સામે રક્ષણ આપ છે. બ્રાકોલીમાં ફૉલેટ નામનું તત્ત્વ મોટી માત્રામાં હોય છે જે સ્રીઓને બ્રેસ્ટ કેન્સર સામે રક્ષણ આપે છે. બ્રોકોલીના ૧ કપ જેટલા કદમાં લગભગ ૯૫ મિ.ગ્રા. વિટામીન 'K' હોય છે. (જે આપણી રોજની જરૂરિયાત કરતાં વધુ છે) જે આંતરડામાં કેલશ્યમનું શોષણ કરવામાં મદદરૂપ થાય છે. અને તેથી શરીરમાં કેલશ્યમ પુરતા પ્રમાણમાં હોય તો હાડકા મજબૂત રહે છે. બ્રોકોલીમાં કેલશ્યમ પણ ભરપૂર હોય છે. ૧ કપ કદના બ્રોકોલીમાં ૪૩ મિ.ગ્રા. જેટલું કેલશ્યમ હોય છે. હાડકામાં કેલશ્યમ પૂરતા પ્રમાણમાં હોવાથી સંધીવાત થતું નથી, ફ્રેક્ચર પણ જલ્દી થતું નથી. બ્રોકોલીમાં વિટામિન 'C' હોય છે એ એન્ટી ઓક્સિડન્ટ છે જે શરીરની પ્રતિકારક શક્તિ વધારે છે, તડકા અને પ્રદુષણથી ત્વચાને થતા નુકશાનથી બચાવે છે. ત્વચા પર ઉમરને કારણે પડતી કચ્ચલીઓને અટકાવે છે અને ત્વચાની સુંદરતા જાળવી રાખે છે. ૧ કપ કદના બ્રોકોલીમાં વિટામીન 'સી' ૮૧ મિ.ગ્રા. હોય છે. વિટામીન 'સી' કોલેજન બનાવવામાં મહત્વ પૂર્ણ ભાગ ભજવે છે આ કોલેજન ત્વચા માટે મહત્ત્વપૂર્ણ છે. બ્રોકોલીમા વિટામિન 'A' અને 'E' પણ હોય છે જે આંખો અને શરીરની તંદુરસ્તી માટે ઉપયોગી છે. બ્રોકોલીમાં રહેલા રેષા-fiber કબજીયાત દૂર કરે છે અને પાચન સુધારે છે. હૃદયરોગ, બી.પી.માં થતા ફેરફાર, હાઈ કોલેસ્ટ્રોલ વગેરે માટે રેષાયુક્ત બ્રોકોલી ઉપયોગી થાય છે. બ્રોકોલીને વરાળથી બાફીને બનાવવામાં આવે તો તેમા રહેલા પોષકતત્વો સચવાઈ રહે છે. બ્રોકોલીને ઘણી વાનગીમાં ઉમેરી શકાય છે અને કાચી પણ વાપરી તેના ફાયદા મેળવી શકાય. તાજી અને સારી બ્રોકોલીનો ખાવામાં વધુમાં વધુ ઉપયોગ કરીએ.


**સ્પેશિયાલીસ્ટ : લગ્ન, દાંડીયારાસ તેમજ વિવિધ પ્રોગ્રામો**

**લંગા જુસબ હજુરીયા**

ગામ - તેરાવાલા

**ઢોલ, શરણાઈ વાદક**




રૂમ નં.૪૪, યાઝ મંજીલ, કિશન નગર નં.૧, મુલુંડ ચેકનાકા, થાણા-૪૦૦૬૦૪.

ફોન : 25831862 મો.: 9820955162 / 9833354219


**૧૧) પેટમાંનો ગેસ વાયુ :** પેટમાં ગેસ થવાનું કારણ કબજીયાત કે અપચન હોય અથવા ઝડપથી ખાવાથી, બીડી સિગરેટ પીવાથી, ઠંડા પીણા, કાર્બોનેટેડ સોફ્ટ ડ્રીંક્સ લેવાથી, સ્ટ્રોના ઉપયોગથી, વધુ પડતું ખવાઈ ગયું હોય કે મિઠાઈ જેવી ભારે વસ્તુના આહારથી, ભાત, પાઉં, બ્રેડ અને કઠોળ વધુ ખવાય તો ગેસ થાય (નાળિયેર પાણી પણ સ્ટ્રોથી પીવાથી ગેસ થાય છે)

**ગેસજન્ય ખાદ્ય :** બટેટા, કઠોળ, નવા ચોખા, બાસમતી ચોખા, રાજમા, તળેલા, પદાર્થ , ડેરી ખાદ્ય-દૂધ, દહીં, ચીઝ, પનીર, અને ચા પણ ગેસ કરે. શેકેલા અમુક પદાર્થ - રાજમાં, સફેદ અને કાળા ચણા, સફેદ વાટાણા, કોર્ન અને પોંપકોર્ન વગેરે. કોબી, ફ્લાવર, બ્રોકોલી વધુ ખવાય તો ગૅસ થાય. ઘઉંના છોડા (થુલી) અને રેષાવાળા ખાદ્ય, કાંદા, લસણ અને પ્રોટીન પાવડર પણ ગૅસ કરે. ફળો ખાલી પેટે ખાવા જોઇએ જમવા સાથે ખાઇએ તો ગૅસ કરે. ફળો ખાઇને અડધા કલાક પછી જમવું. અનનાસ, દ્રાક્ષ, પપેયું, મોસંબી અને કેરીનો રસ ગૅસ કરે. કેરીના રસમાં સૂંઠ નાખી લેવાથી ગૅસ ન થાય. બાળકોને દૂધથી પણ ગૅસ થઈ શકે. (તેથી જ દૂધ પાયા પછી ઓડકાર અપાવવું - ખભા પર લઈ પીઠ પર થપથપાવવાથી ઓડકાર આવશે અને ગૅસ નીકળશે)

ગ્લુટેનની સેન્સીટીવીટી ધરાવતા લોકોને ઘઉં, જવ, રાઈ જેવી ગ્લુટેન ધરાવતી વસ્તુઓથી ગૅસ થાય. મરડો કે

ઝાડાના બેક્ટેરીયા પેટમાં જાય તો પણ ગૅસ થાય.

**ઉપાય :** (૧) ૧ નાની ચમચી મરી પાવડર, ૧ નાની ચમચી સૂંઠ અને અડધી ચમચી ઈલાયચી પાવડર નવસેકા પાણી સાથે લેવું (૨) ૧ નાની ચમચી સૂંઠ, ૧ નાની ચમચી હિંગ અને ચપટી કાળું મીઠું નવસેકા પાણી સાથે લેવું (૩) ૧ ચમચી વરિયાળીમાં થોડો લીંબુનો રસ નાખી ચાવવું. બેઠાડુ જીવન ત્યજીએ, નિયમિત ચાલીએ, કસરત કરીએ, વધુ પડતું ન ખાતાં પચે એટલું ખાઈએ. ઝડપથી ન ખાતાં પુરતું ચાવીને ખાઈએ. ગેસ કરતાં ખાદ્ય ટાળીએ. તળેલી ચીજો, ઠંડાપાણી, બિડી, સિગરેટ, દારૂ જેવા વ્યસનથી દૂર રહીએ. પવન મુક્તાસન, વજ્રાસન, અગ્નિસાર અને ભસ્ત્રિકા પ્રાણાયામ નો ઉપયોગ કરીએ. જમ્યા પછી નાની એક ચમચી સૂંઠ લઈએ. મુખવાસમાં સુવા, વરીયાળીનો ચાવીને ઉપયોગ કરીએ (પેટના ગૅસની તકલીફ માટે વાચકોના ફોન આવ્યાથી અહીં આ મુદ્દો ટાંક્યો છે. વધુ માહિતી માટે - ૧૬ જાન્યુઆરી ૨૦૧૭ થી ૨૨ જાન્યુઆરી ૨૦૧૭ નો પ્રકાશ સમીક્ષા અંક ઓનલાઇન વાંચી સંપૂર્ણ માહિતી મેળવી શકો છો.)

**૧૨) ખરતા વાળ અને વાળની કાળજી :** ખાનપાન બરાબર ન હોય એટલેકે તળેલું જંકફૂડ ખાદ્ય, પૌષ્ટીક ન હોય તેવા ખાદ્ય ખાવાથી તેમજ વિટામીન, કેલશ્યમ, આર્યન, ઝીંક, પ્રોટીનની શરીરમાં ઉણપ થવાથી વાળ નબળા પડે, ખરે, જલ્દી ધોળા થાય. માથામાં ખોડો હોય તો વાળ જલ્દી ખરે. વારંવાર શેમ્પુ વાપરવાથી વાળ જલ્દી સફેદ થાય કે ખરે. માથામાં લોહીનું પરિભ્રમણ બરાબર ન થાય તો પણ જલ્દી વાળ તૂટે- ખરે કે લાંબા ન થાય. માથામાં તેલ નાખવાથી વાળને પોષણ મળે છે. લોહીનું પરિભ્રમણ વધે છે. અને વાળ રૂક્ષ થતાં બચે છે. ભીનાવાળમાં તેલ નાખવાથી કે જોરથી કાંસકો ફેરવવાથી વાળ જલ્દી તૂટે છે. તેથીજ વાળ બરાબર સૂકાય પછી જ તેલ નાખવું.

ઉપાય : (૧) કાંદામાં સલ્ફર અને એન્ટીઓક્સિડન્ટ હોય છે. લાલ કાંદાથી વાળનો ખોડો દૂર થાય, વાળ લાંબા, કાળા અને ઘટ્ટ થાય. બે લાલ કાંદા લઈ છોલી નાના ટૂકડા કરી ગ્રાઇન્ડ કરી કપડાથી તેનો રસ કાઢી વાળના મૂળમાં તેમજ પાંથીએ પાંથીએ લગાડવું અને હળવા હાથે આંગળીના ટેરવાથી ચક્રાકાર માલીશ કરવું. ૩૦ મિનિટ રાખ્યા બાદ વાળ ધોઈ લેવા.

(૨) બે લાલ કાંદાનો રસ, બટેટાનો પણ એજ રીતે રસ કાઢો. ૨ ચમચી કાંદાનો રસ અને દોઢ ચમચી બટેટાનું રસ મેળવી તેમાં બદામ/જૈતૂન કે ઓલીવ ઓઈલ ૧ ચમચી આ ત્રણે સારી રીતે મિક્સ કરી વાળમાં લગાડો. (મૂળમાં તેમજ વાળપર પણ લગાડવું) આ પ્રયોગ અઠવાડીયે ૩-૪ વખત કરો (બટેટામાં વિટામીન A-B અને C ખૂબજ માત્રામાં હોય છે જે વાળને ખૂબ ફાયદો કરે છે.

(૩) કાંદાના રસમાં થોડું નાળિયેર તેલ કે એરંડીયું અને એકાદ ચમચી કાળીજીરી (કલેંજી)નું તેલ (કૉસ્મેટીકની દુકાનમાં મળી શકે ૨૩૦/- રૂા. માં નાની બોટલ મળે) ત્રણે મિક્સ કરી વાળમાં લગાડવું અને પાંથી પાંથીએ હળવી માલીશ કરવી દોઢેક કલાક પછી વાળ સુકાય એટલે વાળને ધોઇ લેવા. (કાળીજીરી આર્યન, સોડીયમ, પોટેશ્યમ, કેલશ્યમ જેવા મિનરલસ્, ન્યુટ્રીઅન્ટસ્, પંદર એમીનો એસીડ, પ્રોટીન, એન્ટીઓક્સિડન્સ અને ફાયબરથી ભરપૂર છે)

૪) વાળના જથ્થા મુજબ ૧ થી દોઢ ગ્લાસ પાણી લઈ તેમાં ચાના પાન (આપણે) રોજ વાપરીએ તે કે ગ્રીન ટી) ૨ થી ૩ ચમચી નાખી ૧૫ મિનિટ ઉકાળો. ઠંડુ થાય પછી ગાળી આ પાણી વાળમાં લગાડો ચા માં એન્ટીએજીંગ (વધતી ઉંમર રોકે) અને એન્ટીઓક્સિડન્ટ ગુણો છે. આ પ્રયોગ અવારનવાર કરવાથી વાળ લાંબા, કાળા, ઘટ્ટ અને મજબૂત બનશે.

૫) બે લાલ કાંદાના રસમાં ૧ ચમચી આવળાનું તેલ કે રસ અને ૧ વિટામીન 'E' ની કેપ્સ્યુલ (EVION-400 ૧૦ કેપ્સ્યુલના ૨૦ રૂા.માં મળે) કાપીને તેમાં ઉમેરો. વાળના મૂળમાં લગાવી, હળવે હાથે ઘસો.

૬) કાંદાની છાલનો ઉપયોગ કરી શકાય-૬.૭ કાંદાની છાલને ૨ ગ્લાસ પાણીમાં ઉકાળી લેવાં. તેનો રંગ ચા જેવો થશે. ઠંડો થતા ગાળી તે પાણીમાં મહેંદી મિક્સ કરી અર્ધો કલાક રાખ્યા બાદ તેને વાળમાં લગાડો. દોઢ કલાક રાખ્યા બાદ ધોઈ લેવા. આ પ્રયોગ મહિનામાં ૨ વખત કરવું.

૭) મેથીના દાણા રાત્રે ભીંજવી. સવારે પેસ્ટ બનાવી તેને પાંથીએ પાંથીએ લગાવવું. ૨૦-૩૦ મિનિટ બાદ ધોઇ લેવું.


ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

## અજવાસનો – દિપક ઓલવાયો !




ખાનદેશ અને મહારાષ્ટ્ર એકમની અનેક ધાર્મિક, સામાજીક, શૈક્ષણિક અને હેતુલક્ષી સેવાકીય સંસ્થાઓમાં યુવાવયે પ્રવેશ કરી અંતે મૃત્યુ પણ સેવા કરતાં કરતા થયું ! એવી સંસ્થાઓમાં તરફથી તોજ સુધીના હર પક્ષેને પ્રેરક પૂરક અને પ્રેરણાત્મક દષ્ટાંતે પ્રતિભા સંપન્ન કરનાર ફૈજપુરના સંનિષ્ઠ કાર્યકર શ્રી દિપક દામજી પોલડીયાના અચાનક અવસાને ગામ પરિવાર સંસ્થાને સાથે જ્ઞાતિને ઉલ્લેખનીય ખોટ પડી છે.

દિપકભાઈએ કર્મયોગ, ધર્મયોગ અને પરિવાર યોગનો સમન્વય સાધી અનેક સુચારૂ પ્રવૃત્તિઓના ઉંડાણ અનેવ્યાપને માપી, પરાર્થે વળાંક આપી, કર્તવ્યની કેડીને રાજમાર્ગ બનાવવા કટીબધ હતા. પુરષાર્થના પાયા પર પ્રગતિના પગથીએ ચડી, સુખડ થઈ ઘસાઇ, ચંદન બની મહેક્યા હતા. ઉંબરાથી અંબર સુધીની યાત્રાએ અંતરના હિંચકા ઝુલ્યા હતા. આ પુષ્પ અંગને ઉજાગર કરવા શક્યતાના આકાશને ભાંગવાની ત્રેવડે કર્મ યોગની હર ક્રિયાઓને પ્રાણવાન બનાવી જ્યાં ગયા ત્યાં લાગણીનું લીલુછમ વન ઉભું કરતા, દૃષ્ટિથી આગળ જોતા, હેસીયતથી વધુ આપાના કલ્પનાથી વિશેષ સર્જતા, દિપકભાઈ માનવીય મુલ્યાંકનનું મોઘું મોતી હતા. હર કાર્યની કાળજાથી કાળજી કરતા દીર્ઘદષ્ટા હતા.

શાંતીનાથ દાદા એમના બારમાસી વસંત જેવા આત્માને સ્વ ચરણ શરણમાં રાખે એવી પ્રાર્થના.

**– લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ


**રામદેવ ગૃહ ઉદ્યોગ**

મેથી, પંજાબી, ચોરાફરી, પાઉભાજી, ઘી સાદા, કોરા, ઘી–જીરા વગેરે ખાખરા ઓર્ડર પ્રમાણે બનાવીને મળશે.
ફોન : 99200 89346 / 99308 23619

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537

- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

સોમવાર બંધ


## શ્રી કચ્છી દશા ઓશવાલ સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ તેમજ માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરીવાર તરફથી

**૧૩ મી વર્ષગાંઠના શુભ પ્રસંગે આગોતરૂ આમંત્રણ**

સંઘના સર્વે ભાઇઓ – બહેનો તથા સર્વે જ્ઞાતિજનોને જય જીનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે શ્રી આદિનાથદાદાની અસીમ કૃપા તેમજ પુજ્ય ગુરૂભગવંતો અને પૂજનીય વડિલોના શુભાશિષથી આપણા ગામના જિનાલયની ૧૩ મી વર્ષગાંઠ ધ્વજારોહણ મહોત્સવ સંવત ૨૦૭૪ ના મહા વદ ૧૪ બુધવાર તા. ૧૪/૨/૨૦૧૮ ના શુભ દિને નિર્ધારિત થયેલ છે.

આ ધ્વજા મહોત્સવનો ૨ દિવસીય કાર્યક્રમ નીચે મુજબ રહેશે.

<u>તા. ૧૩/૨/૧૮ મંગળવાર :</u> ભરૂડીયા મુકામે આગમન, જાહેરપીરદાદાની ધ્વજા

<u>તા. ૧૪/૨/૨૦૧૮ બુધવાર :</u> સવારના ૭.૦૦ કલાકે અઠાર અભિષેક તથા સતરભેદી પૂજન અને ત્યારબાદ ધ્વજા આરોહણ વિધી ત્થા સાધર્મિક ભક્તિ.

✻ તા. ૧૩/૦૨/૨૦૧૮ ના રોજ સાંજે ચોવિહાર (બહારગામથી પધારેલા મહેમાનો માટે)


✻ તા. ૧૪/૨/૨૦૧૮ ના રોજ સવારે નવકારશી તેમજ બપોરના સાધર્મિક ભક્તિ ની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. તો આ પ્રસંગે સર્વે ગામ વાસીઓ, બહેનો–દીકરીઓ તેમજ જ્ઞાતીજનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**લી. શ્રી ક. દ. ઓ. સેવક ભરૂડીયા અચલગચ્છ જૈન સંઘ વતી**
**માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર**

**હસ્તે હેમલતા – મહેન્દ્ર, ઉર્મિલા – અશોક ત્થા સંગીતા – રાજેશ મણીલાલ દંડ ના જય જીનેન્દ્ર**

ખાસ નોંધ : વહેલી તકે આપની ટીકીટ બુક કરી લેવા વિનંતી.

**માનવતાના મોગરા મ્હેક્યા !**




હવામાન ખાતાની આગાહી પ્રમાણે મુંબઈમાં ૨૯ ઑગસ્ટ ૨૦૧૩ ઈંચના ભારી વરસાદે, જીવન અસ્ત વ્યસ્ત કરી દીધું. ભાંડુપ જિનાલયના પ્રાંગણમાં પાણી ભરાતા જ ખ્યાલ આવી ગયો કે, શાસ્ત્રી નગર, પ્રેમા નિવાસ, વ્હીલેજ રોડ અને ભટ્ટી પાડામાં ચાલીઓમાં ભેટ સમાણા પાણી ભરાતાં ગેસ પ્રાઈમસ વગેરે સળગાવી રસોઈ કે ચા-પાણી બનાવવાના સંજોગો જ રહ્યા નહીં વિશેષતમ જન સમુદાય પલંગ કે રૂમના માળીએ બાળકોને લઇ ગુમસુમ બેસી રહ્યા !

આ સંજોગોને લક્ષમાં લઈ ફાઈવ સ્ટાર્સ કેટરીંગના યુવાનો મનોજ લોડાયા, કમલેશ મૈશેરી, પરેશ ગોસર, પંકજ પોલડીયા વગેરેએ પરિસ્થિતિનો અંદાજ મેળવવા મોબાઈલના વોટ્સઍપ દ્વારા માહિતી મેળવી અસરગ્રસ્તોને મદદ કરવા દૃઢ નિર્ણય કર્યો. મનોજ લોડાયાએ દુધની દુકાને ૨૦૦ લીટર હાજર સ્ટોક મેળવી, ચા ના ટોપીયા ગરમ ગરમ મસાલાવાળી ચા થી છલકાવી દીધા.

૭૫૦ પરિવારો માટે ભાત અને સ્વાદિષ્ટ દાળ બનાવી ભેઠ ભેઠ પાણીમાં ભીંજાતા કપડે હાથ જોડી જોડી ભરપેટ જમાડ્યા. સેવા યજ્ઞને નીરખી સાંધવના મણીલાલ પદમશી ખોના પણ રીક્ષામાં સમાવાય તેટલા બિસ્કુટ પેકેટ લઈ રસ્તે જતા થાક્યા પાક્યા મુસાફરોને વિનંતી કરી અનંતસિદ્ધિ હૉલ અને રેલ્વે સ્ટેશન ઉપર ૧૦૦૦ થી વધુ જણને ચા-પાણી કરાવ્યા.

ખાખરા નાસ્તાનું વેંચાણ કરતા કિર્તી શીવજી મૈશેરીએ પણ ઘરમાં હાજર ખાખરા છૂટે હાથે લ્હાણી કરી મહાવીરની કરૂણાને કંડારી. માનવતાના કાર્યમાં વિનય લોડાયા, વિપુલ લોડાયા, રાજેશ લોડાયા, અભય ખોના, પ્રેમચંદ ખોના, રાજેશ મૈશેરી જેટા ૭૦ થી વધુ જણ જોડાયા આ કટારના લેખકે કહ્યું આપની કેટરીંગ સેવામાં વગર ઓર્ડરની આજની કેંટરીગ સર્વ શ્રેષ્ઠ રહી. માનવતાની આવી કેટરીંગે ઝૂકી તો જવાય ને ?

**કુરો, તો જે બાપા જા વાણ હલેતાં ?**

ઉપરોક્ત કહેવત ને હર કચ્છી માડૂ - કોઈ પણ જણ વગર કારણે પોતાના ગજા ઉપરાંત આંડબર, શાહુકારી કે દેખાડો કરે તો વડીલો કે હિતેચ્છુકો તેનું ધ્યાન દોરવા કહેશે કે 'વડાઈ મ કર, કુરો, તો જે પે, ક બાપા જા વાણ હલેતાં કહેશે. અથવા પોતે પહોંચ વાળો હોય અને શાહુકારી કરે તો પણ કહેશે કે' મુંકે કી વાંધો નાંય, મુંજે ત બાપા જા વાણ હલેતાં !

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા કચ્છ જખૌ બંદરે થી ચણાની ગુણીઓ ભરી મુંબઈ આવ્યા. પગ મૂક્યો ને શેઠ શ્રીના સૌભાગ્ય નો સૂરજ તપવા માંડ્યો. પોણા બસો વરસથી શેઠની હૈયાતી ન હોવા છતા પણ તેઓશ્રીની પુણ્યાઇ પહાળ થઈને અડીખમ ઉભી છે !

જ્ઞાતિના હિતના કોઈ પણ કાર્યે આજેપણ શેઠશ્રીની છબીને શ્રધ્ધા અને ઉપકારની ભાવનાએ હારાર્પણ કરીએ છીએ. ભા.સુ. છઠ્ઠના ઠેકઠેકાણે તેઓશ્રીની છબીની સાક્ષીએ ઘી બતી કરી હારાર્પણ કરી આપસી મિચ્છામિ દુક્કડમ્ કરીએ છીએ. ચૌદ સ્વપ્નની બોલીએ વહાણની બોલી શ્રેષ્ઠ ક્રમાંકે રહે તેવા ચડાવે લાભાર્થી થઇએ છીએ અને તેવા ચડાવો લેનાર થોડા જ સમયમાં બરકત કરી લે છે બસ, એજ મુંજે બાપાની વ્હાણ હલેતાં અને એ પેકે બાપા એટલે જ જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાજી પણ ચાલતી આ કહેવતે અને પ્રભાવક ઐશ્વર્યે ઝૂકી તો જવાય નં ?


**- લહેરચંદ વેલજી મૈશેરી,** ભાંડુપ


**રામદેવ ગૃહ ઉદ્યોગ**

ચેમ્બુર તીર્થના મેથી લાડુ, ગુંદરપાક, ખજુર પાક, અડદીયા પાક, ચવાણુ, સેવ, ફરસાણ વગેરે ઓર્ડરપ્રમાણે મળશે.

ફોન : 99200 89346 / 99308 23619


## પ્રથમ પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ





જન્મ : તા. ૨૩-૧૦-૪૧ **કચ્છ - નલીયા**

અરિહંત શરણ : તા. ૨૪-૧૧-૧૬ **હાલે ટિટવાલા**

**સ્વ. (અ.સૌ.) નલીની હિરાચંદ નાગડા (સોનાવાલાં)**


'જીવન એવું જીવ્યા કે જોનારા સૌ જોયા કરે, કર્મ એવાં કર્યા કે સહુના હૃદયમાં ગુજ્યાં કરે. રડી પડે છે આંખો અમારી જોઈ તસ્વીર તમારી... જીવન એવું જીવ્યા કે મૃત્યુ પણ શરમાઈ ગયું. સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દિલમાં રાખી ગયાં. દિવસો વિત્યા, મહિના વિત્યા, વર્ષો વિત્યા જાય, પણ દિલમાં હવે તો બસ તમારી સ્મૃતિ રહી જાય તમારી યાદ આવી જતાં આંખડી અમારી ભીંજાય.

**પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ આર્પે એજ પ્રભુને પ્રાર્થના.**

| | |
|---|---|
| પતિ | : **શ્રી હિરાચંદ જીવરાજ નાગડા** |
| પુત્ર | : **શ્રી મનિષ હિરાચંદ નાગડા** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. દિસી મહેન્દ્ર શાહ (લોડાયા)** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. હર્ષા નિતિન મોતા** |
| પુત્રી-જમાઈ | : **અ.સૌ. સોનલ હરેશ પેથાણી** |

## કચ્છી કસબ - ૧૧૧

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨



**આડી ચાવીઓ -**

૧) માંકડ (bug) (૩)
૩) ટાઢ (cold) (૧)
૪) પિતા (father) (૨)
૭) ગાવું (to sing) (૧)
૮) વિશ્વાસ કરવો (to trust) (૨)
૧૦) બળતણ (fuel) (૩)
૧૧) વસ્તુ (thing) (૩)
૧૩) બેઠકનો ઓરડો (drawing room) (૩)
૧૪) પંચાત (peep in to other’s matter) (૪)
૧૫) અનાજ માપવાનું સાધન (thing used for measuring food grains) (૩)
૧૬) કેવું (which kind) (૨)
૧૮) આસ્તે આસ્તે (slowly slowly) (૪)
૨૦) આડખાળી (obstraction) (૨)
૨૨) ઘડી ઘડી ઠપકો મળવો (often get scould) (૪)
૨૩) બળદ (bullock) (૨)
૨૫) દાણો (particle) (૨)
૨૬) કૂદકો (jump) (૩)
૨૮) રંધાઇ જવું (to be cooked) (૩)
૨૯) પેલાએ (that fellow) (૨)
૩૨) મોટેથી બૂમ મારવી (to shout) (૨)
૩૩) કેવી (which type) (૨)
૩૫) જવા દે (leave it) (૩)
૩૬) તંદુરસ્ત (physically fit) (૪)

**ઊભી ચાવીઓ -**

૨) મસાણ (creamatorium) (૩)
૫) કપડા ઉપ ડાઘ (stains on cloth) (૨)
૬) બહાદુરી (courage) (૪)
૮) અક્કલ વગરનાં (foolish) (૩)
૯) નાકમાં પેહરવાની ચૂક (nose ring) (૨)
૧૧) સ્ત્રી ઓની બેહનપણી (female friend of female) (૩)
૧૨) સારા (good) (૩)
૧૩) કડક સ્વભાવનો પુરૂષ (strict nature man) (૨)
૧૫) ભેંસનું નર બચ્ચુ (buffalo’s male child) (૨)
૧૭) ચોટાડવું (to stick) (૨)
૧૮) અપમાનીત (insulted) (૪)
૧૯) ઘેટું (sheep) (૨)
૨૦) કામપાર પડવું (complete the work) (૩)
૨૧) ઉપાડવું (to lift) (૨)
૨૨) ઉતાવળ (hurry) (૪)
૨૪) વળીને ગુસવું (to lean and pass) (૩)
૨૭) કુતરાને અટકાવવાનો દરવાજો (door to protect from dogs) (૪)
૩૦) અડચણ રૂપથતી સ્ત્રી (cunning lady) (૩)
૩૧) કોમળ પુરૂષ (soft man) (૩)
૩૩) કોણ (who) (૨)
૩૪) સાથે (with) (૨)

(ઉકેલ અન્યત્ર)

### સંસ્થા સમાચાર વિગતવાર છપાશે.

આપના મહાજન, ટ્રસ્ટ, મંડળ, સંસ્થાની પ્રવૃત્તિઓના વિગતવાર સમાચાર મોકલી શકશો. અલબત્ત, તેમાં અતિશયોક્તિરૂપ વિશેષણો, અંલકારિક શબ્દો કે સુરૂચિનો ભંગ થાય તેવી વિગતો કે ભાષાનો ઉપયોગ થયો હશે તો તે છપાશે નહિં. જ્ઞાતિજનોના પુરા નામ અને વતનના ગામ જરૂરથી જણાવવા વિનંતી. સમાચાર મોકલતી વખતે પોતાનું નામ તથા મોબાઈલ નં., ઈમેલ આયડી મોકલવા જેથી માહિતી અંગે સંપર્ક સાધી શકાય.

### પત્રવ્યવહારમાં PS નંબર જણાવવા વિનંતિ

આપને મળતા ‘પ્રકાશ સમીક્ષા’ના અંકના છેલ્લે પાને નીચેના જમણા ખુણામાં આપના સરનામાનું સ્ટીકર હોય છે તે ઉપર જે **PS** નંબર દર્શાવેલ છે તે અમારા રજીસ્ટરમાં આપનો કાયમી સંદર્ભ નંબર રહેશે. તેથી સરનામાં બદલ થવાની, અંક ન મળવાની અને જીવનચક્ર જેવી બાબતે પત્રવ્યવહાર કરતી વખતે ઉપરોક્ત સંદર્ભ નંબર અવશ્ય જણાવશો અન્યથા આપના પત્રના વિષયે ધ્યાન આપી શકાશે નહીં કે વિલંબ થશે તેની નોંધ લેવા વિનંતિ.

શ્રી શાંતિનાથાય નમો નમઃ

# સાંધવ ગામે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં કેવલભાઈ સાવલાની સથવારે પર્વ પર્યુષણની સુંદર આરાધના થયેલ

ગુરૂવાર તા. ૧૭-૮-૨૦૧૭ના કચ્છ એક્પ્રેસ દ્વારા **૧૨૫** જણની સંખ્યામાં માદરેવતન તરફ પ્રયાણ. બાંદરા સ્ટેશન ઉપર સાંધવવાસીઓ સારી સંખ્યામાં વિદાય આપવા પધારેલ. ટ્રેનમાં ચૌવિહારના લાભાર્થી પરિવાર **માતુશ્રી વિરબાઈ રાઘવજી લોડાયા** હસ્તે ભવાનજીભાઈ મુલુંડ, દરેક આરાધકને દરેક દાતાશ્રીઓ તરફથી રૂા. ૨૦૦/-નું સંઘપૂજન કરવામાં આવેલ. રાત્રે ટ્રેનમાં ભક્તિભાવના કરવામાં આવેલ. મુંબઈથી ભુજ સુધી ટીકીટના દાતા પરિવાર **શેઠશ્રી શામજી નરશી દંડ પરિવાર**, મુલુંડ ટ્રેનમાં પ્રભાવના શોપીંગ બેગ શમીર શામજી દંડ, મુલુંડ, ગુંદર પ્રભાવના, કેલા વેફર, માતુશ્રી લક્ષ્મીબાઈ મુરજી દંડ હસ્તે ઉમેશભાઈ, ઘાટકોપર, ચોકલેટ પીપર, નેવિલ-સમિત વિપુલ પટેલ, ભેલ-તેજેશ, શ્રેયા પ્રવિણ મોતા, ચિકી જેનિક, પ્રિન્સ હિરેન દંડ, શીંગભુજીયા પ્રિયાંશી જયેશ લોડાયા, મગદાળ સ્વ. પ્રભાબેન નિતિન ધરમશી, ખિચી કનિષ્ટ, વિયાન વસલ, મોક્ષીલ પટેલ સર્વે પરિવાર લાભ લીધેલ.

તા. ૧૮-૮-૨૦૧૭ના ગાંધીધામ સ્ટેશન ઉપર નવકારશી **માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ પરિવાર,** મુલુંડ લાભ લીધેલ. ભુજ સ્ટેશનથી બસો દ્વારા બંઉતેર જિનાલય તરફ પ્રયાણ. પૂજા પાઠ દેવદર્શન કરી માંડવી આશ્રમ, શિવમસ્તુ તીર્થ દર્શન કરી, લાયજા તરફ પ્રયાણ લાયજા સંઘે વાજતે ગાજતે સામૈયું કરેલ. રૂા. ૧૦૦ નું સંઘપૂજન કરેલ. સાધર્મિક ભક્તિનો લાભ આપી. પ.પૂ. પૂર્ણગુણાશ્રીજી મ.સા.ને વંદન કરી. દેઢીયા તીર્થ દર્શન કરી. ચા-પાણીનો લાભ આપી. તેરા તિર્થના દર્શન કરી. પ્રોગ્રામમાં હાજરી આપી. સાધર્મિક ભક્તિનો લાભ આપીને સાંધવ ગામે સંઘ પધારતા સંઘનું સામૈયું કરવામાં આવેલ. રાત્રે મહાકાળી માતાજીની ભાવના ભણાવવામાં આવેલ. પંચતિર્થી કરવાનો લાભ **માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ,** સાંધવવાળાએ લાભ લીધેલ.

તા. ૧૯-૮-૨૦૧૭ પર્વ પર્યુષણનો પ્રારંભ રોજ સવારે રાઈ પ્રતિક્રમણ ચડાવા લેનાર ભાગ્યશાળીઓને પ્રથમ પક્ષાલ પૂજાનો લાભ સ્નાત્ર મહોત્સવ, નવકાર મહામંત્રનું ધુન, મહામંત્રના જાપ, ભક્તામર પાઠ, ગુરૂજીના મુખેથી પ્રવચનો તેમજ કલ્પસુત્ર વાંચન, દેરાસરજીમાં ભક્તિસંધ્યા, સાંજના પ્રતિક્રમણ, પ્રભુજીની ભવ્ય અંગરચના, રાત્રે **કિશોર સંગારના** સથવારે ભક્તિભાવના ભક્તામર લક્કી ડ્રો ૧૫૦ થી વધારે દરેક દાતાશ્રીઓ તરફથી કરવામાં આવેલ. દેરાસરજીને શણગારવાનો લાભ **સમીર શામજી દંડ,** મુલુંડવાળાએ લાભ લીધેલ. કલ્પસૂત્ર (પોથી) પધરાવવાનો લાભ **અ.સૌ. કાજલ ધનરાજ લોડાયા** ગામ સુથરી અને **અ.સૌ. હીરલ રોકી લોડાયા,** સાંધવ ૨૭૨૭ મણમાં લાભ લીધેલ. કલ્પસૂત્ર વહોરવવાનો લાભ **શ્રી ઝવેરચંદ મેઘજી ખોના પરિવાર** લીધેલ. તા. ૧૯-૮-૨૦૧૭ના શનિવાર બપોરના ૨.૩૦ કલાકે શનિદેવ અનુષ્ઠાન પ્રભુ મુનિસુવ્રત વિધાન શ્રી ૧૦૮ મંત્રો દ્વારા મુનિસુવ્રત સ્વામિ મહાપૂજા રાખવામાં આવેલ.પૂજામાંભાગ્યશાળી પરિવારો લાભ લીધેલ.

તા. ૨૦-૮-૨૦૧૭ રવિવારના બપોરના શ્રીવિદ્યાનુષ્ઠાન શ્રી રવિપુષ્યામૃત સિધ્ધિયોગે પંચદશી મહાવિદ્યા મંત્રાનુષ્ઠાન અભિષેક રાખવામાં આવેલ.

તા. ૨૧-૮-૨૦૧૭ સોમવારના શાંતિધારા મહાનુષ્ઠાન રાખવામાં આવેલ.

તા. ૨૨-૮-૨૦૧૭ મંગળવાર બપોરના ઋણમુક્તિ મંગલ અનુષ્ઠાન, મંગળવાર શ્રી વાસુપૂજ્ય સ્વામી ભવ્ય અનુષ્ઠાન રાખવામાં આવેલ. પોથીના જાગરણમાં સારી એવી રમઝટ જામેલ. વરઘોડામાં શણગારેલી વેલ ઘોડાઓ ધર્મની ધજાઓ ૨૫ પંખાવાજ મંડળી વરઘોડો નિકળેલ.

ભાદરવા સુદ બીજના સ્વપ્નામાં ધુર્તમણ **૨૫૬૩૨૧**/ મણ થયેલ. મુંબઈથી ૫૦ જણની સંખ્યામાં આરાધકો પધારેલ. તા. ૨૪-૮-૨૦૧૭ના બપોરના ભક્તામર અનુષ્ઠાન રાખવામાં આવેલ. સર્વે પૂજનમાં સર્વેજણ નકરોભરી પૂજનમાં લાભ લીધેલ. ભાદરવા સુદ ૪ના સાંધવ સંઘ તરફથી સમુહ સાંજી રાખવામાં આવે. ભાઈ-બહેનોએ તપસ્વીઓનું તિલક, બાટલો, (ગુલાબજળ) માળા, શ્રીફળ, કવર સાથે બહુમાન કરીને શાંતા પૂછવામાં આવેલ. **૧૬** ઉપવાસ **૨** જણ, **૯** ઉપવાસ **૩** જણ, **આઠ** ઉપવાસ **૪** જણ, **વર્ષીતપ ૨** જણ, **૪૫** એકાસણા **૩** જણ, **આઠ** એકાસણા **૪૦** જણ, **અઠ્ઠમ** તપ **૧૦** જણ, **છઠ્ઠ** તપ **૪** જણ, સોળ ઉપવાસવાળાને **રૂા. ૩૨૦૦/-**, નવ ઉપવાસ **રૂા. ૨૨૦૦/-**, અઠ્ઠાઈ તપ વાળાને **રૂા. ૨૧૦૦/-**, અઠ્ઠમ તપ **રૂા. ૩૦૦/-**, છઠ્ઠ તપ **રૂા. ૨૦૦/-**, આઠ એકાસણા વાળાને **રૂા. ૨૦૦/-**, વર્ષીતપ વાળાને **રૂા. ૫૦૦/-**. સાંજીના ગીતોથી ઉપાશ્રય રહ્યો હતો. સારી સંખ્યામાં સર્વે હાજર રહ્યા હતા. શાંતિનાથ દાદાની પૂજા કરનારને સંઘ તરફથી સારો ફાળો થયેલ. **રૂા. ૧૬૦૦૦/-**નું બહુમાન કરીને પૂજારીને આપવામાં આવેલ. રસોડા ખાતે, મહેતાજી, ચોકીદાર, સાધર્મિક ભક્તિના દાતા પરિવાર તેમજ કાર્યકર ભાઈઓનું બહુમાન કરવામાં આવેલ. ૨૫ વર્ષથી જે સાંધવ ગામે પર્યુષણ કરેલ તેમનું પણ બહુમાન કરવામાં આવેલ. રાત્રે ગડપણનું નાટક કરેલ. **લતાબેન માલદે, કુસુમબેન હાલાર**ની બહેનોએ કરેલ. **ચીમનભાઈ મોતા** તરફથી મોટી તપસ્યાવાળાને સમેત શીખરજી મહાતિર્થના લક્કી ડ્રો કાઢવામાં આવેલ. **૧૬** ઉપવાસવાળા **મીનાબેન દિનેશ લાપસીયા,** દલતુંગીવાળાને લાગેલ. પાચમના બારસા સૂત્ર વહોરાવવાનો લાભ **માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના** હસ્તે મણીલાલ ભાંડુપ લાભ લીધેલ. પાંચ જ્ઞાનના ચડાવવા દરેક ભાગ્યશાળી લીધેલ. બારસા સૂત્ર પુર્ણ થયા બાદ ચૈત્ય પરિપાટી કરવામાં આવેલ. બપોરના ૨.૦૦ કલાકે પ્રતિક્રમણ બીજો રાઉન્ડ સાંજના ૪.૩૦ કલાકે રાખવામાં આવેલ. કુમારપાળ રાજા બનવાનો લાભ **શ્રી પ્રતાપ જીવારાજ ખોના પરિવાર,**

અમલનેર વાળાએ લીધેલ. રાત્રે ભાવના બાદ (મિઠી રેયાણ) મેળાવડો રાખવામાં આવેલ. દરેક આરાધકોએ પોતપોતાનું મંતવ્ય જણાવેલ. પાંચમના દિવસે ઉપવાસવાળાને રૂા. ૧૦૦ની પ્રભાવના દરેક ને સંઘવી **શ્રી ભાગચંદ દામજી જૈન,** કોઠારા તરફથી ભાદરવા સુદ ૬ સવારના ૫.૦૦ કલાકે પ્રભુજીનો ગંભારો અને રંગમંડપ ખોલનાર ભાગ્યશાળી **માતુશ્રી ઝવેરબાઈ પદમશી ખોના** હસ્તે મણીલાલ ખોનાના ઘરે સંઘ વાજતે-ગાજતે ગયેલ પરિવાર તરફથી રૂા. ૧૦ની પ્રભાવના કરવામાં આવી. વાજતે ગાજતે સંઘ સાથે રંગમંડપ અને ગંભારો ખોલવામાં આવેલ. ચૈત્ય વંદન કરી, સમુહ ક્ષમાપના કરવામાં આવેલ. તપસ્વીઓનો વરઘોડો વાજતે ગાજતે નિકળેલ અને તપસ્વીઓને પારણાં કરાવવામાં આવેલ સંઘ તરફથી રૂા. ૫૦ ની પ્રભાવના કરવામાં આવેલ. સવારના પર્વ દરમિયાન ઉપાશ્રયમાં રાઈ પ્રતિક્રમણ રૂા. ૧૦૦ની પ્રભાવના કરવામાં આવેલ. પગમાં ચપલ તેમજ વહાનમાં નહીં બેસનારને પ્રભાવના કરવામાં આવેલ. સંઘ સાથે લાલછતા પીરને સલામ, દર્શન કરવા સર્વે વાજતે-ગાજતે ગયેલ. ત્યાં પહેડી પ્રસાદ કરેલ. ત્યારબાદ વીર પ્રભુજીનું પારણું પધરાવનાર **શેઠશ્રી શામજી નરશી દંડ**ના ઘરે સંઘ વાજતે-ગાજતે પારણું પધારવવામાં આવેલ. લાભ લેનાર ભાગ્યશાળી તરફથી રૂા. ૧૦ની પ્રભાવના કરવામાં આવેલ. બપોરના અઢાર અભિષેક રાખવામાં આવેલ. દરેક ગાથાનો નકરો અભિષેકનો રાખવામાં આવેલ. દરેક ભાગ્યશાળી પરિવારો લાભ લીધેલ. રાત્રે પારણામાં સારી એવી રમઝટ જામેલ. સાટા પ્રભાવના કરવામાં આવેલ.

તા. ૨૮-૮-૨૦૧૭ના સવારના વાજતે ગાજતે પારણું દેરાસરજીમાં પધરાવવામાં આવેલ. ત્યારબાદ સવારે મુંબઈ વાસીઓને વિદાય આપેલ. સંઘ કોઠારા, નલિયા, તેરા, કોટડા, મકઠા તીર્થના દર્શન કરી. પ.પૂ. મ.સા.ને વંદન કરી. બપોરના સાધર્મિક ભક્તિનો લાભ ચા-પાણીનો લાભ આપેલ. સર્વે તીર્થોમાં સંઘનું સ્વાગત કરવામાં આવેલ. સાંધવથી ભુજ સંપૂર્ણ પંચતિર્થી કરવાનો સંપૂર્ણ લાભ **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવાર,** મુલુંડવાળા લાભ લીધેલ. ભુજથી મુંબઈ ટ્રેનની ટીકીટનો લાભ **શેઠ શ્રી ચાંપશી માણેકજી લોડાયા,** લોખંડવાળા પરિવારે લાભ લીધેલ. સાંધવ પર્વની આરાધના કરવા સાંધવ વાસીઓને ઘર દીઠ **શેઠ શ્રી મુરજી રાઘવજી લોડાયા પરિવાર**, દાદર તરફથી કાંસા વાટી આપવામાં આવેલ. પીતળનો અંખડ દિવો, ધુપેડો **શ્રી પ્રકાશ માણેકજી લોડાયા** તરફથી દેરાસજીમાં ભેટ મળેલ. સાંધવ ગામે સંઘો, બાયઠ, સાધાણ, સીંધોડી મોટી, વારાપધર, લાલા, તેરા, પરજાઉ, ભોરારા, કમલેશભાઈ વિકમશી દર્શનાર્થે પધારેલ.

પર્વની આરાધના કરવા **૨૨૫** જણની વધારે સંખ્યામાં સાંધવવાસીઓ, નિયાણી બહેનો, આમંત્રિત મહેમાનો, મુંબઈ, ચાલીસગામ, પાચોરા, અમલનેર, લોનાવાલા, ભાગ લકોટ, શેવગાંવ, વાપી, ભરૂચ, અમદાવાદ, આણંદ, ગાંધીધામ, અંજાર, મુંન્દરા, માંડવી આશ્રમ, હાલાર, ધુફી, લાયજા, વરાડીયા ગામેગામથી પધારેલ. પ્રભુજીનો ભવ્ય અંગરચના કરાવવાનો લાભ **શ્રી દામજી નરશી દંડ** અને **કસ્તુરીબેન લાલજી પટેલ** લીધેલ. પર્વ દરમ્યાન પરેશ દંડ, પ્રકાશ લોડાયા, આણંદ ઝવેરચંદ ખોના, ઉમેશ ખોના, રાજેશ દંડ, રાજેશ પટેલ, ડોલર લોડાયા, દિલીપ લોડાયા, મહેશ ધરમશી, ધનજી માલદે, બ્રિજેશ પટેલ, દિપક દંડ, હિતેશ પટેલ, મિથુન પટેલ, રઘુભા જાડેજા, ચંદ્રેશ સોની, એકતા દંડ, અંકીતા ધરમશી, વૈશાલી લોડાયા, ભારતી દંડ, રેખાબેન લોડાયા, રસીલા ખોના, સુલેમાન હિંગોરા, હુસેન હિંગોરા, દશરથ જાડેજા સારી એવી વિવિધ સેવા બદલ ખૂબ ખૂબ અનુમોદના. વિધિ વિધાન તેમજ પર્વની આરાધના કરાવવા **કેવલભાઈ સાવલા,** ભુજ **પ્રવિણભાઈ ગડા,** મુલુંડ પર્વ દરમિયાન સંગીતની રમઝટ જમાવનાર **કિશોર સંગાર એન્ડ પાર્ટી** આંગી બનાવનાર મધુરીબેન વિકમશી, એકતા દંડ રોજ સવારે સ્નાત્રપૂજા ગાજતે ગાજતે જીવણબેન નાગડા, કસ્તુરીબાઈ લોડાયા, ઉર્મીલાબેન ધરમશી, દમયંતી ખોના લીલાવંતી લોડાયા ભણાવેલ. પર્વ દરમિયાન ગામવાસીઓ નિયાણી બહેનો જે સાંધવગામ આરાધના કરવા આવી શકેલ નહીં પણ લક્કી ડ્રો, પ્રભાવના, અનુષ્ઠાનમાં જે લાભ લીધેલ. તે બદલ ખૂબ ખૂબ અનુમોદના. ટોટલ ધૃત **૩૨૨૩૭૭** મણ થયેલ.

## સ્વપ્નાનું ધૃત ઉછામણી બોલનાર ભાગ્યશાળીઓ

| | | | |
|---|---|---|---|
| | **મોક્ષની બારી** | | **માતુશ્રી મણીબેન માણેકજી લોડાયા હસ્તે પ્રકાશભાઈ**, થાણા |
| ૧) | **ગજવર** | ઝુલાવવાનું | **માતુશ્રી મણીબેન માણેકજી લોડાયા હસ્તે પ્રકાશભાઈ**, થાણા |
| | | પધરાવવાનું | **માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ**, મુલુંડ |
| ૨) | **રૂષભ** | ઝુલાવવાનું | **શ્રી ઠાકરશી લાલજી પટેલ**, સાંધવ |
| | | પધરાવવાનું | **શ્રી ઠાકરશી લાલજી પટેલ**, સાંધવ |
| ૩) | **કેસરી સિંહ** | ઝુલાવવાનું | **માતુશ્રી રસિલાબેન માણેકજી લોડાયા**, મુલુંડ |
| | | પધરાવવાનું | **અ.સૌ. દમયંતિબેન ચાંપશી લોડાયા**, ઘાટકોપર |
| ૪) | **મહાલક્ષ્મીજી** | ઝુલાવવાનું | **અ.સૌ. દમયંતિબેન ચાંપશી લોડાયા**, ઘાટકોપર |
| | | પધરાવવાનું | **નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા**, મુલુંડ અને **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા**, મુલુંડ |
| ૫) | **ફુલની માળા** | ઝુલાવવાનું | **માતુશ્રી ગંગાબાઈ રામજી લોડાયા**, મુલુંડ |
| | | પધરાવવાનું | **શ્રી શામજી માણેકજી લોડાયા**, થાણા |

## સ્વપ્નાનું ઘૃત ઉછામણી બોલનાર ભાગ્યશાળીઓ

| | | | |
|---|---|---|---|
| ૬) | **ચંદ્રમા** | ઝુલાવવાનું | **માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ**, મુલુંડ |
| | | પધરાવવાનું | **માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા**, મુલુંડ |
| ૭) | **સુરજ** | ઝુલાવવાનું | **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા**, મુલુંડ |
| | | પધરાવવાનું | **દીપેશ ભરત ખોના**, દુબઈ |
| ૮) | **ધર્મની ધ્વજા** | ઝુલાવવાનું | **શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ**, મુંબઈ |
| | | પધરાવવાનું | **માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ** હસ્તે **શામજી દંડ** |
| ૯) | **કળશ** | ઝુલાવવાનું | **શ્રી અજીત નવીન લોડાયા, મયંક પ્રકાશ લોડાયા** |
| | | પધરાવવાનું | **ચેતન રોડ કેરીયર્સ**, મુલુંડ |
| ૧૦) | **પદ્મસરોવર** | ઝુલાવવાનું | **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા**, ડોંબિવલી |
| | | પધરાવવાનું | **તનીષા હિમાશું વિરચંદ ખોના**, ડોંબિવલી |
| ૧૧) | **ક્ષીરસાગર** | ઝુલાવવાનું | **સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન**, કોઠારા |
| | | પધરાવવાનું | **માતુશ્રી લક્ષ્મીબાઈ નરશી દંડ** હસ્તે **શામજી દંડ**, મુલુંડ |
| ૧૨) | **દેવવિમાન** | ઝુલાવવાનું | **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા**, મુલુંડ |
| | | પધરાવવાનું | **માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા**, ડોંબિવલી |
| ૧૩) | **રત્નની રાશી** | ઝુલાવવાનું | **મે. દિનેશ રોડલાઈન્સ**, મુલુંડ, |
| | | પધરાવવાનું | **શ્રી રતિલાલ રામજી લોડાયા**, મુલુંડ |
| ૧૪) | **અગ્નિશીખા** | ઝુલાવવાનું | **શ્રી શામજી માણેકજી લોડાયા**, થાણા |
| | | પધરાવવાનું | **પૂજા અજીત, મયંક, પ્રિયંક, પ્રકાશ** |
| | **શાલીભદ્રની પેટી** | | **શ્રી દામજી નરશી દંડ**, ભાંડુપ |
| | **પ્રભુજીનું પારણું** | ઝુલાવવાનું | **અ.સૌ. ડીમ્પલ શમીર દંડ**, મુલુંડ |
| | | પધરાવવાનું | **શેઠ શ્રી શામજી નરશી દંડ**, મુલુંડ |

**કુલ સ્વપ્ન પારણું ઘૃત મણ : ૨૫૬૩૨૧**

## સંઘપૂજનના લાભ લેનાર ભાગ્યશાળીઓ

### રૂ. ૧૧૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી

| | | |
|---|---|---|
| ૧) | શેઠશ્રી ચાંપશી માણેકજી લોડાયા (લોખંડવાલા) | ઘાટકોપર |
| ૨) | શેઠશ્રી શામજી નરસી દંડ | મુલુંડ |
| ૩) | માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ | મુલુંડ |
| ૪) | માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા | ડોંબિવલી |
| ૫) | માતુશ્રી દમયંતીબેન હંસરાજ દંડ | મુલુંડ |
| ૬) | માતુશ્રી વિમલાબેન ખીમજી દંડ | વાપી |
| ૭) | માતુશ્રી લક્ષ્મીબાઈ મુલજી (લધુભાઈ) દંડ પરિવાર | ઘાટકોપર |
| ૮) | માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા (ધમતરી) | મુલુંડ |
| ૯) | માતુશ્રી ધનબાઈ દેવરાજ લોડાયા | મુલુંડ |
| ૧૦) | શ્રી શામજી માણેકજી લોડાયા | થાણા |
| ૧૧) | શ્રી મુલજી માણેકજી લોડાયા | ઘાટકોપર |
| ૧૨) | શ્રી નવિન માણેકજી લોડાયા | થાણા |
| ૧૩) | શ્રી પ્રવિણ માણેકજી લોડાયા | થાણા |
| ૧૪) | શ્રી પ્રફુલ માણેકજી લોડાયા | મુલુંડ |
| ૧૫) | શ્રી પ્રકાશ માણેકજી લોડાયા | થાણા |
| ૧૬) | શ્રી ઠાકરશી લાલજી પટેલ | મુલુંડ |
| ૧૭) | માતુશ્રી રસિલાબેન માણેકજી લોડાયા | મુલુંડ |
| ૧૮) | શ્રી મેઘજી કુંવરજી ખોના પરિવાર હ. વીરચંદ | ડોંબિવલી |
| ૧૯) | શ્રી ભવાનજી નરશી દંડ | મુલુંડ |
| ૨૦) | શ્રી રાયચંદ નરસી દંડ | મુલુંડ |
| ૨૧) | જીવણબેન હીરાચંદ નાગડા | ઘાટકોપર |
| ૨૨) | માતુશ્રી મણીબાઈ વાલજી ગોવિંદજી ખોના હસ્તે ભરત ખોના | ઘાટકોપર |
| ૨૩) | રેવંતીબેન ચંદ્રકાંત મૈશેરી | માંડવી |
| ૨૪) | જયાબાઈ ચત્રભોજ દંડ | મંજલ-ભાંડુપ |
| ૨૫) | સોનબેન સુરેશ ખોના | વાંકુ-મુલુંડ |

### રૂ. ૫૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી

| | | |
|---|---|---|
| ૧) | શ્રી વર્ધમાન પદમશી લોડાયા | વિઠ્ઠલવાડી |
| ૨) | શ્રી સોમચંદ વિશનજી દંડ | કાંજુરમાર્ગ |
| ૩) | શ્રી નવિનચંદ્ર દેવણાંધ લોડાયા | મુલુંડ |
| ૪) | શ્રી કિશોર દેવણાંધ લોડાયા | ડોંબિવલી |
| ૫) | શ્રી કાંતીલાલ ભવાનજી લોડાયા | ભાંડુપ |
| ૬) | મણીલાલ ભવાનજી લોડાયા | ભાંડુપ |
| ૭) | માતુશ્રી નવલબાઈ મણીલાલ દંડ | ગોરેગામ |
| ૮) | શ્રીમતી કલ્પના ભવાનજી લોડાયા | મુલુંડ |
| ૯) | શ્રી રામજી લાલજી ખોના | ડોંબિવલી |
| ૧૦) | શ્રી દામજી નરશી દંડ | ભાંડુપ |
| ૧૧) | શ્રીમતી જયાબાઈ લક્ષ્મીચંદ દંડ | ભાંડુપ |
| ૧૨) | શ્રી શાંતિલાલ વિશનજી દંડ | ડોંબિવલી |

## રૂા. ૫૦૦/- લાભ લેનાર ભાગ્યશાળી

| | |
|---|---|
| ૧૩) માતુશ્રી મુરબાઈ માલશી દંડ હ. મહેન્દ્ર દંડ | ડોંબિવલી |
| ૧૪) માતુશ્રી હિરબાઈ નારાણજી લોડાયા હ. કિરણ | પાલીતાણા |
| ૧૫) માતુશ્રી જમકુબાઈ જેઠાભાઈ લોડાયા | ખામગામ |
| ૧૬) શ્રી દિપક મણીલાલ દંડ | ચિંચપોકલી |
| ૧૭) માતુશ્રી મધુરીબાઈ રાયચંદ લોડાયા | મુલુંડ |
| ૧૮) માતુશ્રી લાખબાઈ કાંતીચંદ ખોના | ઘાટકોપર |
| ૧૯) શ્રી કરમશી નરશી દંડ | ભાંડુપ |
| ૨૦) માતુશ્રી લીલબાઈ માણેકજી દંડ હ. પરેશ | ડોંબિવલી |
| ૨૧) શ્રી ચાંપશી કુંવરજી દંડ હ. મુકેશ દંડ | વાપી |
| ૨૨) શ્રી કાનજી કુંવરજી દંડ હ. મુકેશ દંડ | વાપી |
| ૨૩) માતુશ્રી ખમાબાઈ જીવરાજ દંડ | ડોંબિવલી |
| ૨૪) લતાબેન ઝવેરચંદ દંડ | ભાંડુપ |
| ૨૫) માતુશ્રી લક્ષ્મીબાઈ મણીલાલ લોડાયા | લોકાપુર |
| ૨૬) માતુશ્રી નવલબાઈ આણંદજી દંડ હ. કમલેશ | પાચોરા |
| ૨૭) વિજયાબેન પ્રતાપ ખોના | અમેલનેર |
| ૨૮) શ્રી જયચંદ પદમશી લોડાયા | મલકાપુર |
| ૨૯) શ્રી જીવરાજ કુંવરજી ખોના હ. ભરત ખોના | ડોંબિવલી |
| ૩૦) શ્રી દિપેશ ભરત ખોના | દુબઈ |
| ૩૧) એકતા પરેશ દંડ | ડોંબિવલી |
| ૩૨) ચંદાબેન નવિનચંદ્ર મૈશેરી | જખૌ-અંકલેશ્વર |
| ૩૩) શ્રી દિનેશ કુંવરજી મોતા (મંગલભા) | નલીયા-ડોંબિલી |
| ૩૪) ઝવેરચંદ લખમશી ધરમશી | લાલા-મુલુંડ |
| ૩૫) નીતાબેન વિજય લોડાયા | મોટી ખાવડી-ઘાટકોપર |
| ૩૬) માલતીબેન હિરજી નાગડા | નલિયા-ભાંડુપ |
| ૩૭) શ્રી વિરચંદ નરશી સોની | સુથરી-જુહુ |
| ૩૮) માતુશ્રી ચંદનબાઈ મણીલાલ સોની | વાંકુ-બાગલકોટ |
| ૩૯) પલ્લવીબેન ભરત ગાંધી હ. કમલેશ દંડ | પાચોરા |
| ૪૦) માતુશ્રી નવલબેન જયંતીલાલ મોતા | નલિયા-મુલુંડ |
| ૪૧) માતુશ્રી જીઠીબાઈ કેશવજી ધરમશી | સુથરી-લોકાપુર |
| ૪૨) શ્રીમતી ગીતાબેન વિનોદ ડાઘા | વરાડીયા-મુલુંડ |
| ૪૩) અ.સૌ. ભાવના ચંદ્રેશ સોની | કાંદિવલી |
| ૪૪) અ.સૌ. પલ્લવીબેન ધિરેન ખોના | મુલુંડ |
| ૪૫) નિર્મલાબેન લક્ષ્મીચંદ સોની | સુથરી-મુલુંડ |
| ૪૬) દમયંતિબેન ઉમરશી ખોના | મુલુંડ |
| ૪૭) કસ્તુરીબેન સોમચંદ લોડાયા | શેવગાંવ |

**લિ. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી**

**શ્રી વીરચંદ ખોના, પ્રવીણ મોતા**

।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી આદીનાથાય નમો નમઃ ।।

## શ્રી શત્રુંજય મહાતિર્થની ભવ્ય યાત્રા પ્રવાસ

સાંધવ પર્વની આરાધના કરવા પધારેલ. સર્વે આરાધકોને **અ.સૌ. યજ્ઞાબેન જયેશ માણેકજી લોડાયા**ની અઠાઈ નિમિત્તે **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવારે** ૧૫૦ જણને શત્રુંજય મહાતિર્થની યાત્રા કરાવેલ. તા. ૬-૧૦-૨૦૧૭ના રાત્રે ભાવનગર એક્સપ્રેસ દ્વારા પ્રસ્થાન તા. ૭-૧૦-૨૦૧૭ના સવારના નૌકારશી ટ્રેનમાં કરાવવામાં આવેલ. સોનગઢ સ્ટેશન ઉપર ૧૦ કલાકે આગમન ત્યાંથી પાલીતાણા તીર્થ તરફ પ્રયાણ. નરશી નાથા ધર્મશાળા અને કેશવજી નાયક ધર્મશાળામાં ઉતારવાની વ્યવસ્થા કરવામાં આવેલ. બપોરના ૧ કલાકે શત્રુંજય મહાપૂજન રાખવામાં આવેલ. વિધિવિધાન માટે **કેવલભાઈ સાવલા** સંગીતકાર **કૌશિકભાઈ બારોટ** પધારેલ. **પ.પૂ. સાધ્વીશ્રીજી યશોદયાશ્રીજી મ.સા.** આદી પધારેલ. સર્વે ભાગ્યશાળીઓ પૂજનનો લાભ લીધેલ. રાત્રે તળેટી ઉપર ભક્તિ ભાવના રાખવામાં આવેલ. પ.પૂ. સાધ્વીશ્રી ભગવંતોને વંદન કરવા સંઘ શાંતિધારા, કચ્છી ભવનમાં ગયેલ. તા. ૮-૧૦ના સવારના શત્રુંજય મહાતિર્થની યાત્રા કરેલ. તા. ૬-૧૦થી તા. ૯-૧૦ના સંપૂર્ણ યાત્રા દરમિયાન **માતુશ્રી રસીલાબેન માણેકજી લોડાયા પરિવારે** લાભ લીધેલ. દરેક યાત્રીકને ચાંદીનો સીક્કો, મીઠાઈનો બોક્સ દાતા પરિવાર તરફથી આપવામાં આવેલ. બપોરના ૩ કલાકે દાતા પરિવારનું અનુમોદનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ. શ્રી ક.દ.ઓ. સાંધવ મહાજનના ટ્રસ્ટીગણો તેમજ સંઘ તરફથી બહુમાન કરવામાં આવેલ. ત્યારબાદ ગુલાબ ત્રીકમજી નાગડા, રંગપુર, અરવિંદભાઈ મહાદેવ સૌલંકી, ભચાઉ, મુરબાઈ ભવાનજી લોડાયા પરિવાર દાતા પરિવારનું બહુમાન કરેલ.

**નીચે મુજબ ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૦૦/-નું સંઘપૂજન કરવામાં આવેલ.**

૧) શેઠશ્રી શામજી નરશી દંડ, મુલુંડ ૨) માતુશ્રી જમકુબાઈ લાલજી પટેલ ૩) માતુશ્રી મણીબાઈ કુંવરજી મોતા, ૪) માતુશ્રી વિમલાબાઈ ખીમજી દંડ, ૫) શ્રી ઠાકરશી લાલજી પટેલ, ૬) શ્રી દામજી નરશી દંડ, ૭) શ્રી પ્રકાશ માણેકજી લોડાયા, થાણા, ૮) શ્રી વિરચંદ મેઘજી ખોના, ૯) અ.સૌ. પ્રવિણા પરેશ દંડ, ૧૦) શ્રી હરીશ કાંતીચંદ ખોના, ૧૧) માતુશ્રી મુરબાઈ ભવાનજી લોડાયા, ૧૨) ગુલાબ ત્રિકમજી નાગડા, રંગપુર, ૧૩) અરવિંદભાઈ મહાદેવ સૌલંકી, ભચાઉ, ૧૪) શ્રી દિનેશ વિસનજી દંડ, ભાંડુપ, ૧૫) શ્રી હેમંત શામજી મોતા, નલિયા, ૧૬) માતુશ્રી ઝવેરબેન પદમશી ખોના, સાંધવ વાળાએ લાભ લીધેલ. સાંજના ચૌવિહાર સોનગઢ બોંડીગ કરાવામાં આવેલ. રાત્રે ટ્રેન દ્વારા સોનગઢથી પ્રસ્થાન તા. ૯-૧૦-૨૦૧૭ના સવારના ૯ કલાકે બાંદરા સ્ટેશન આગમન. આવતાજતા ટ્રેનમાં ભક્તિ ભાવના કરાવવામાં આવેલ. મહાતિર્થની યાત્રા કરાવેલ તે બદલ દાતાશ્રીનું ખૂબ ખૂબ અનુમોદના. જીવનમાં ફરી આવા સુકૃતોના કામો કરતા રહેજો. **લી. રાજેશ દામજી દંડ, ભાંડુપ**

# સુખ, સ્વાસ્થ્ય અને સંબંધ ભાગ-૩ : સંબંધ

**પ્રવિણચંદ્ર શામજી શાહ (ધરમશી)**

મારી આ લેખની હારમાળાના અંતિમ અને ત્રીજા ભાગમાં સંબંધને કેન્દ્રમાં રાખીને તેને સુખ અને સ્વાસ્થ્ય સાથે સાંકળવાનો પ્રયાસ કરેલ છે. આ સ્થાને મેં સંબંધ શબ્દનો થોડો વ્યાપક ઉપયોગ કરેલ છે. આપણી રોજબરોજની જિંદગીમાં આપણને જાત જાતના સંબંધો રાખવા અને નભાવવા પડે છે. જેમાંના કેટલાક પ્રકાર છે મૈત્રી કે મિત્રતા. પારિવારિક સંબંધ, ધંધા, રોજગારના સંબંધ, નોકર અને શેઠના સંબંધ વગેરે. આમ તો આપણા મોટા ભાગના સંબંધો જરૂરિયાત પ્રમાણે હોય છે અને તે પ્રમાણે કેટલાક સંબંધો હંગામી અને કેટલાક સંબંધો લાંબા ગાળાના કે કાયમી હોય છે. કેટલાક સંબંધો શરતી હોય છે જેમકે કોઈ સંસ્થામાં તમે જ્યાં સુધી તેની સભ્ય ફી ભરો ત્યાં સુધી જ તમે તે સંસ્થા સાથે સંકળાયેલા રહો છે. તેવી જ રીતે મકાન માલીક અને ભાડુઆતનો સંબંધ પણ આ પ્રકાર નો હોય છે. કેટલીક નોકરી પણ સમય મર્યાદા આધીન હોય છે અને તે સમય મર્યાદા કે / અથવા નોકરીની શરતો પ્રમાણે નોકર અને શેઠના સંબંધ ચાલુ રહે છે અથવા પુરા થાય છે.

સ્વાસ્થ્ય અને રોજગાર : અગાઉ જણાવ્યું તે પ્રમાણે કેટલીક નોકરીઓ એવી હોય છે જેમાં નોકરીની પ્રાપ્તિ માટે તબીબી તપાસમાંથી પસાર થાઓ તો જ તમને ''અપોઈન્ટમેન્ટ લેટર'' મળે અને નોકરીની સામાન્ય સમય મર્યાદા (મોટા ભાગે વય મર્યાદા) ના ગાળામાં જો કોઈ પણ કારણસર તમે તમારું નિર્ધારિત કાર્ય કરવા અસમર્થ કે અશક્ત (બીમારી કે અકસ્માતમાં કોઈ શારીરિક ક્ષતિ ના કારણે) થઈ જાઓ તો કંપની કે સંસ્થા તમને નોકરીમાંથી બરતરફ પણ કરી શકે છે. અથવા માનવતાના ધોરણે (કે યુનિયનના દબાણના કારણે) તમને અન્ય વિભાગ કે જગ્યાએ મોકલી આપે છે જ્યાં તમારી ભવિષ્યમાં કોઈ તરક્કી ના થઈ શકે.

ઘણી બધી દવા બનાવતી કંપનીઓમાં ''કેજ્યુઅલ વર્કર'' હોય છે જેની કંપનીમાં દાખલ થતી વખતે ''દરરોજ ''રૂટિન મેડિકલ ચેકઅપ'' થાય છે'' અને જો કોઈને તાવ કે ઉધરશ જેવી બીમારી હોય તો તેને કામ પર ના પણ લે. મારા એક પરિચિત બંગાળી મિત્રને થોડી કે સાધારણ અસ્થમા (દમ)ની તકલીફ હતી અને તેમણે અન્ય જગ્યાએ સારા પગારના કારણે નોકરી અને સ્થાન પરિવર્તન કર્યું. પણ પછી નવી જગ્યાએ થોડા મહિના બાદ તેમની તબીયત બગડી અને તેમણે વારંવાર રજા લેવી પડતી હતી તેથી કંપનીએ તેમને તેમના ''પ્રોબેશન પીરીઅડ'' દરમ્યાન જ નોકરી છોડવા માટે નોટિસ આપી ને છુટા કરેલ. આ ઘટનામાં વ્યક્તિની પોતાની બીમારીના કારણે તેને નોકરી ગુમાવવી પડી.

અન્ય એક ખૂબ જ કરૂણ બનાવ જે મારા ધ્યાનમાં છે તે રજુ કરું છું. મારા એક તેલુગુ મિત્ર, પ્રસાદના દશ વર્ષના પુત્રને કેન્સરની ભયંકર બીમારી લાગુ પડી. શ્રી પ્રસાદ વાપીમાં એક દવા બનવાતી કંપનીમાં ટેબ્લેટ (ટીકડી) ઉત્પાદન વિભાગના વડા હતા અને પુત્રની બીમારીના કારણે સખત તણાવમાં રહેતા હતા. એમની કંપની કોઈ અન્ય બહુરાષ્ટ્રીય નામાંકિત કંપની માટે દવા બનાવતી હતી અને પુત્રની બીમારીના સમય ગાળા દરમ્યાન એમની દવાની એક આખી ''બેચ'' ''ક્વોલિટી કંટ્રોલ'' માં નિષ્ફળ ગઈ જેના કારણે કંપનીને બહુજ નુકશાન થયું અને તેમની દવા લેનાર કંપનીએ નક્કી કરેલ સમય મર્યાદામાં માલ ન આપવા બદલ તેમની કંપનીને ''બ્લેક લિસ્ટ'' કરી. અને જેના કારણે શ્રી પ્રસાદને પણ નોટિસ આપવામાં આવી. પુત્રના અવસાન પછી શ્રી પ્રસાદ ભગ્ન હૃદયે રાજીનામું આપીને પોતાના વતન ચાલ્યા ગયા. અહીં પરિવારજનની બીમારીને કારણે પણ નોકરી કે કામ પર પણ કેવી ગંભીર અસર થાય છે તેના ઉદાહરણ આપેલ છે આપણી આજુ બાજુ આવા અનેક કિસ્સાઓ જોવા મળશે, જેમાં પરિવારની કોઈ એક વ્યક્તિની બીમારીના કારણે ધંધા રોજગારને એટલી ખરાબ અસર થાય છે કે અને કોઈ વાર તો ધંધો રોજગાર બંધ પણ કરવું પડે છે અને તેમાં પણ જો તે બીમાર વ્યક્તિ પરિવારની મોભી અને એકમાત્ર કમાનાર વ્યક્તિ હોય તો પરિવાર માટે બહુ જ કપરા દિવસો આવી પડે છે અને પરિવાર દુઃખી થઈ જાય છે.

વર્ષ ૧૯૯૪માં સુરતમાં કોઈ એક બીમારી આવેલી, જેના લક્ષણો પ્લેગ જેવી બીમારીને મળતા હતા પણ આજ સુધી નક્કી નથી થયું કે તે ખરેખર પ્લેગ હતો. તે સમયે મારા એક મિત્ર ભરૂચમાં સરકારી નોકરીમાં હતા અને સુરતથી ત્યાં કામ કરવા જતા હતા તેમને તે સમયે ૧૦ દિવસની ફરજીયાત રજા લેવી પડી હતી. આ ઘટનામાં તો માત્ર પ્લેગની આશંકા હતી તો પણ તેમને તે સમયે ૧૦ દિવસની ફરજીયાત રજા લેવી પડી હતી. હાલમાં ટીવી પર કોઈ એક ચેનલ પર એવી ઘટના બતાવવામાં આવેલ જેમાં નોકરિયાતની તબીબી તપાસ દરમ્યાન કોઈ એક વ્યક્તિને એડ્સની બીમારી જણાતાં તેને નોકરી પરથી બરતરફ કરવામાં આવેલ. બની શકે છે આ

કાલ્પનિક ઘટના હોય પણ વાસ્તવિક જીવનમાં પણ આવું થઈ શકે છે. અમારે ત્યાં કામ કરવા આવતા એક બેનનો ભાઈ રીક્ષા ચલાવે છે, પણ છેલ્લા કેટલાક સમયથી તેને દમ કે ટીબી જેવી શ્વાસને લગતી બીમારી લાગુ પડી ગઈ અને માત્ર ૪૫ વર્ષની ઉંમરે તેને ડૉક્ટરની સલાહ મુજબ રીક્ષા ચલાવવાનું કામ બંધ કરવું પડ્યું અને હાલ તે એક લાયબ્રેરી માં માત્ર ૩૦૦૦ રૂપિયા ના પગારે નોકરી કરે છે. આ બધી ઘટનાઓમાં વ્યવસાયિક કે ધંધા રોજગાર સ્વાસ્થ્ય એક બીજા સાથે કેટલા સંકળાયેલા છે તે દર્શાવવાનો પ્રયાસ હતો. આ સ્થળે એક મુદ્દાનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે કેટલીક સરકારી સંસ્થાઓ મર્યાદિત પ્રમાણમાં શારીરિક ખોડખાંપણ વાળી (દિવ્યાંગ) વ્યક્તિઓનું વિશેષ કક્ષામાં વર્ગીકરણ કરીને તેમની નોકરીમાં માટે કેટલાક સ્થાનો અલાયદા રાખે છે. પણ તે બહુ જ અલ્પ હોય છે.

સ્વાસ્થ્ય અને વ્યક્તિગત સંબંધ : આપણે મનુષ્યો સૌ કુદરતી રીતે સ્વકેન્દ્રીય છીએ એટલે મોટાભાગે પોતાની વ્યક્તિગત સુખાકારી એ કોઈ પણ વ્યક્તિ માટે કેન્દ્ર સ્થાને હોય છે અને તેથી જ જ્યારે કોઈ વ્યક્તિ પોતાના પરિવાર, સમાજ, ફરજ કે સંસ્થા માટે ભોગ આપે ત્યારે આપણે સૌ તેને બિરદાવીએ છીએ, અને સરકાર કે કેટલીક એવા સંસ્થાઓ આવી વ્યક્તિ નું જાહેર અભિવાદન કે અનુમોદના કરીને તેનું સન્માન પણ કરે છે. કેટલીક વાર આવી વ્યક્તિઓને વિશિષ્ટ ઈલ્કાબ, સન્માનપત્ર અને કોઈ કોઈ કિસ્સામાં તો આજીવન નિશ્ચિત રકમનું સાલિયાણું પણ બાંધી આપે છે. આવા કિસ્સાઓ બહુજ ઓછા હોવાથી તેની નોંધ લેવાય છે. આની સામે મોટાભાગના કિસ્સાઓ એવા હોય છે જેમાં કોઈ વ્યક્તિને તેની બીમારી કે અવસ્થા ના કારણે તેના કુટુંબીજનો પણ તેનો ત્યાગ કરી દે છે. આવા કેટલાક કિસ્સાઓ મારા ધ્યાનમાં છે તે રજુ કરું છું.

સુરતની પ્રખ્યાત રિલાયન્સ અને કૃભકો જેવી પ્રખ્યાત કંપનીમાં કામ કરી ચૂકેલા એક વરિષ્ટ અધિકારી મારા ઉપરી અધિકારી (C.E.O.) હતા. મારી સાથે તેમને સારું બનતું તેના બે કારણ હતા. એક તો મારા ઘરથી તદ્દન નજીક જ રહેતા હતા અને બીજૂં તે હિન્દીભાષી હતા તેથી ગુજરાતી પર તેમનું પ્રભુત્વ ન હતું અને મારા ડ્રાફ્ટિંગ અને પ્રસ્તુતિકરણ (PRESENTATION) થી સારા એવા પ્રભાવિત હતા અને એમના નીચે હું ઈલેક્ટ્રિક વિભાગ સંભાળતો હોવા છતાં કેટલાક સરકારી કામોમાં અને પત્રવ્યવહારમાં મને સાથે રાખતા. રીટાયર થયા પછી તેમણે પોતાની એક ફેક્ટરી નાખેલ જેના માટે અને ખાસ કરીને વિદ્યુત કર માફી માટે પણ મેં એમને સારી મદદ કરેલ. લગભગ ચાર વર્ષ પહેલાં તેમને સોરાયસિસની ગંભીર બીમારી લાગુ પડી અને માત્ર ત્રણ મહિનામાં તો આખા શરીર પર અને ચહેરા પર ફેલાઈ ગઈ. બધી જ વ્યવસાયિક અને સામાજિક પ્રવૃતિઓ બંધ કરી દીધી અને પોતાનું આખું શરીર લગભગ ઢાંકીને ક્યારેક ક્યારેક બહાર નીકળતા પણ મોટા ભાગે પોતાના એક અલગ રૂમમાં (ISOLATION) માં રહેતા હતા અને બધા સાથે સંપર્ક નહીં એવી અવસ્થામાં માત્ર ૬ મહિનામાં જ અવસાન પામ્યા. આ બીમારીના સમય ગાળામાં તેઓ તદ્દન એકાકી થઈ ગયા હતા કેમકે આ બીમારી ના કારણે તેમના પોતાના પરિવારજનો પણ તેમના સાથે બહુજ મર્યાદિત સંબંધ રાખતા. આમ કેટલીક બીમારીઓ વ્યક્તિને પોતાના કુટુંબથી અલગ કરી દે છે કે વ્યક્તિ સ્વયં એકલતા સ્વીકારી લે છે.

હું જ્યારે સેઈલમાં હતો ત્યારે મારા એક પંજાબી મિત્ર મલ્હોત્રાની પત્નીને સુવાવડ દરમ્યાન કોઈ કારણસર મેનેન્જાઈટિસની ગંભીર બીમારી લાગુ પડી અને તે બહુ જ વિચિત્ર વર્તન કરતી અને નાની બાળકીની સારસંભાળ પણ લઈ શકે તેવી સ્થિતિમાં ના હતી તેથી તેની બાળકીને તેની નાના નાની ને સોંપીને છૂટાછેડા લીધેલ. એક અન્ય કિસ્સામાં મારા પુત્રના એક બિહારી મિત્રના ભાઈના લગન ખૂબ ધામધૂમ થી થયેલ અને અમે પણ તે લગ્ન માણેલ. પણ લગ્નના એક મહિના પછી ખબર પડી કે તેમની પત્નીને માનસિક રોગ હતો અને ઘણીવાર હિંસક વર્તણુક કરતી હતી. તપાસ કરતાં ખબર પડી કે આ બીમારી તેને ઘણા વખતથી હતી અને તેનો ઈલાજ જે ડૉક્ટરે કરેલ તેનું પ્રમાણપત્ર લઈને અંતે છૂટાછેડા લીધા. આમ બીમારી પણ ક્યારેક લગ્ન વિચ્છેદનું કારણ બને છે, અને સબંધનો અંત આવે છે.

અમારા એક વ્યવસાયિક મિત્ર ખૂબ જ બુદ્ધિશાળી અને હોશિયાર પણ તેને ગુસ્સો તરતજ આવી જાય અને નાની બાબતમાં માઠું લાગી જાય અને નાની નાની કે શુલ્ક બાબતમાં પણ ઝગડો કરી નાખે. એમના હાથ નીચે કામ કરતા માણસો એમને હિટલર કહેતા એમના પરિવાર જનો તો કાયમ તણાવમાં રહે કે ક્યારે એમનો ગુસ્સો ફાટી નીકળશે. અમારા સર્કલમાં લોકો તેને પેટ્રોલ કહે (HIGHLY INFLAMMABLE). કોઈએ તેને ડૉક્ટરની સલાહ લેવાનું કહ્યું. અને ડૉક્ટરે તેને સારવાર આપી પછી હવે સારું છે પણ તેમના ગુસ્સાના ઘણા કારણોમાં એક કારણ લોહીનું ઉચ્ચ દબાણ પણ હતું. અન્ય એક અમારા દિવંગત મિત્ર

ડાયાબિટીસના રોગ ના કારણે પણ ક્યારે ક્યારેક એટલું વિચિત્ર અને ઝનૂની વર્તન કરે કે તેમના નજીકના સગાઓ પણ તેમની સાથે મર્યાદિત સંબંધ રાખે આ શારીરિક ખામી કે રોગ ભલે હતો પણ અન્યથા ખૂબ જ બુદ્ધિશાળી, હોશિયાર, જ્ઞાની અને બહુશ્રોત વ્યક્તિ હતા આ કિસ્સા માં સંબંધ વિચ્છેદ ભલે ના થયો પણ તે મહાનુભાવોનો પરિવાર સતત તણાવમાં જ રહે.

મારા એક બિહારી મિત્રને તેમના પૌત્ર પર બહુજ સ્નેહ હતો અને મોટા ભાગે સાંજના તેને ફેરવવા લઈ જાય અને મને ઘણી વાર રસ્તામાં મળે. ત્રણેક વર્ષ પહેલાં તેમને ખાંસીની તક્લીફ થઈ અને ગળફામાં લોહી પણ પડ્યું. ડૉક્ટરે નિદાન કર્યું કે ટીબી ની અસર છે. અને હજી શરૂઆતના તબક્કામાં છે તેથી થોડા સમયમાં મટી જશે. પણ તેમની સારવારના લગભગ ૬ મહિનાના સમયગાળામાં તેમના પુત્ર અને પુત્રવધૂએ એમને, એમના પૌત્ર સાથે રમવાની મનાઈ કરેલ. આમ બીમારીના કારણે તેમને હંગામી સબંધ વિચ્છેદ થયેલ. અન્ય એક કિસ્સામાં એક ભાઈને ગુટકા ખાવાથીં જડબાનું કેન્સર થયેલ અને તે એટલું પ્રસરી ગયેલ કે તેમનો ચહેરોજોઈ ના શકાય અને ખુબ જ દુર્ગંધ આવે તેથી તેમણે સ્વયં જ એકાકીપણું અને અંતે રિબાઈ ને મૃત્યુ પામ્યા. એમણે સ્વૈચ્છીક સબંધ વિચ્છેદ કરેલ જેનું કારણ બીમારી હતી.

અન્ય બે કિસ્સા મેં એવા જોયા છે જે ગુજરાતના બે વિખ્યાત ઉદ્યોગપતિઓને તેમની પાછલી અવસ્થામાં તેમના સંતાનો પોતાના ફાર્મહાઉસમાં અલગ અને નોકરોના ભરોશે રાખતા. જોકે તેમની સેવામાં ૧૨ - ૧૨ કલાક માટે બે ફૂલટાઈમ નોકરો રાખેલ. આ કિસ્સામાં બીમારી નહીં પણ શારીરિક અવસ્થા જવાબદાર છે. કેટલાક કિસ્સાઓમાં તો વ્યક્તિ એવી ગંભીર બીમારીથી પીડાય અને રિબાઈ રિબાઈ ને અંતે મૃત્યુ પામે ત્યારે પરિવાર જનો શોક નહીં પણ રાહતની લાગણી અનુભવે. ભારતમાં ઈચ્છામૃત્યુ હજી કાયદેસર નથી પણ પરદેશમાં તો કેટલીક બીમારીઓમાં સરકારી રજા લઈને બીમાર વ્યક્તિને પીડાવિહીન મેડિકલ મૃત્યુ આપી શકાય છે અને આ રીતે સબંધનો અંત કરી શકાય છે. મનુષ્યને જીવનમાં એવા એવા દુઃખદ પ્રસંગો કે કડવી ઘટનાઓ જોવી પડે છે ત્યારે લાગે કે સુખ ખરેખર ક્ષણિક છે અને જીવન એ સતત સુખની તલાશમાં જ પૂરું થઈ જાય છે. આ લાંબા અને થોડા ગહન લેખનો અંત હું એક અછાંદશ કાવ્ય થી કરીશ જે કદાચ આ સ્થાને યોગ્ય છે અને તે આજ ની પરિસ્થિતિમાં મનુષ્ય જીવનનું યથાર્થ વર્ણ કરે છે.

**સુખની ક્ષણો**

મથામણની મિનિટો, ઘૂંટનની ઘડીઓ,
ચિંતા ના ચોગડીઆ, કંટાળાના કલાકો,
દહેશતના દિવસો, અજંપાના અઠવાડિયાઓ,
મજબૂરીના મહિનાઓ, વેદનાના વર્ષો,
દુઃખના દાયકાઓ, સરવાળો આ બધાનો,
''પ્રાણ'', સમય એજ જીવન

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા માટે શનિવાર, તા. ૦૨-૧૨-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, થાઈરોડ તથા અન્ય રોગ માટે શનિવાર તા. ૦૨-૧૨-૨૦૧૭ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૦૩-૧૨-૨૦૧૭ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

ઊભી ચાવીઓ -
(૨) જીરાણ (૫) ધાબા (૬) મોંણસાઇ (૮) વેસધ (૯) સેરી
(૧૧) જેડલ (૧૨) સખર (૧૩) ઓખો (૧૫) પાડો
(૧૭) ચોળ (૧૮) હળધૂત (૧૯) રેઢ (૨૦) ઓકર્યો
(૨૧) ખણ (૨૨) હોસહોસ (૨૪) ગોરક (૨૭) કોતાડિયો
(૩૦) નડઇ (૩૧) સુંવાલો (૩૩) કેર (૩૪) ભેગો

ઉકેલ : આડી ચાવીઓ -
(૧) કોંજીવ (૩) શી (૪) અધા (૭) ગા (૮) વેસે (૧૦) બાયણ
(૧૧) જેણસ (૧૩) ઓસરી (૧૪) ખણખોધ (૧૫) પાટેઇ
(૧૬) કેડો (૧૮) હરેહરે (૨૦) ઓખ (૨૨) હોળહોળ
(૨૩) ઢગો (૨૫) કણ (૨૬) ધૂમકો (૨૮) રજીર્યો (૨૯) હોન
(૩૨) સડ (૩૩) કેડિ (૩૫) ગોરચો (૩૬) સગોભલો

# એમના પગ ભણી પણ ક્યારેક જોઈ લેજો

- વર્ષા પાઠક



'હિન્દી મીડિયમ' નામની ફિલ્મ જોયેલી ? એ ફિલ્મના એક સીનમાં ઈન્સ્પેક્શન પર નીકળેલો સ્કૂલ ટીચર, ફિલ્મના હીરો ઈરફાન ખાનની નરમ, સુંવાળી હથેળીઓ જોઈને કહે છે કે, આ કોઈ મજૂરના હાથ નથી. અમીર હોવા છતાં દિલ્હીની ફેન્સી સ્કૂલમાં દીકરીને એડમિશન નથી મળતું, ત્યારે ડેસ્પરેટ મા-બાપે 'ગરીબ ક્વોટા' નો લાભ લેવા માટે કંગાલિયતનો ઢોંગ કર્યો હોય છે. કપડાં બદલાય પણ હથેળીને રાતોરાત ખરબચડી કેવી રીતે બનાવી દેવાય ?

આ ફિલ્મની અને હાથની વાત હતી. હવે વાસ્તવિકતા અને પગની વાત કરીએ. થોડા દિવસ પહેલાં પરિવારના એક નાના છોકરાને લઈને શોપિંગ કરવા ગયેલી. ફૂટબોલ રમવાના શોખીન એ ટેણિયાને પ્રોફેશનલ પ્લેયર્સ પહેરે એવા સ્ટડ્સવાળા શૂઝ જોઈતા હતા. મોટું નામ ધરાવતી બ્રાન્ડના આઉટલેટમાં ગયા ત્યાં તો એ ઘેલો થઈ ગયો. એને જુદા જુદા શૂઝ ટ્રાય કરાવી રહેલો યુવાન સેલ્સ પર્સન પણ મજાનો હતો અને સ્પોર્ટ્સનો શોખીન હતો. મને પડતી મૂકીને એમણે આપસમાં જમાવી લીધું. નવ વરસના છોકરાએ નિર્દોષભાવે પેલાને પૂછી લીધું, 'ભૈયા, આપકો તો મજા હૈ, રોજ નયા નયા શૂઝ પહનને કો મિલતા હોગા.' સેલ્સપર્સને માત્ર મીઠું સ્મિત આપ્યું. બાળક સાથે શું દલીલ કરવાની ? પણ મેં થોડો સંકોચ અનુભવ્યો. નાની વયે મેં પણ કદાચ આવી કલ્પનાઓ કરી હશે, મોંઘા કપડાં અને શૂઝ વેચતી દુકાનોમાં કામ કરતા લોકોને જોઈને ઈર્ષ્યા અનુભવી હશે કે એ લોકોને તો કેવી મજા, જે જોઈએ એ પહેરવા મળી જાય. મોટા થયા પછી વાસ્તવિકતા સમજાઈ.

અહીં જે સેલ્સપર્સનની વાત કરી, એણે અફકોર્સ એ જે બ્રાન્ડ વેચતો હતો એના શૂઝ પહેરેલા. કંપની પોલિસી પ્રમાણે એને કદાચ યુનિફોર્મના ભાગરૂપે આ શૂઝ મળ્યા હશે અને એ પણ જોકે ઓછી કિંમતની રેન્જમાંથી. પછી આ શૂઝ એણે કેટલાં વર્ષ ચલાવવાનાં હશે, એ હું નથી જાણતી. પરંતુ એ યુવાનનાં નસીબ એટલાં સારાં કે એને આ બ્રાન્ડ પહેરવાનો મોકો તો મળેલો, પણ દરેક દુકાનમાં એવું નથી થતું. આ ઘટનાના ત્રણેક મહિના પહેલાં હું મારી બે મિત્ર સાથે એક મોટા ફૂટવેર સ્ટોરમાં ગયેલી. સામાન્ય રીતે થતું હોય એમ ત્યાંના સ્ટાફમેમ્બર્સ કામે લાગી ગયા. વો ડિઝાઈન દિખાઓ, ઈસમેં દૂસરા કૌન સા કલર હૈ, ઈસસે એક સાઈઝ છોટી લાના. ગ્રાહક માગે એ પગરખાં લાવીને એમણે પહેરાવવાનાં હતાં અને એ વખતે મારું ધ્યાન મારી ફ્રેન્ડને પાંચેક હજારના સેન્ડલ્સ પહેરાવી રહેલા માણસના પગ ભણી ગયું. શૂઝના સોલ્સ ઘસાઈ ગયેલા અને એમાં વધારામાં એક જગ્યાએ કાણું

*માડી! તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો, જગ માથે જાણે પ્રભુતાએ પગ મૂક્યો.*
*મંદિર સરજાયું ને ઘંટારવ ગાજ્યો, બ્રહ્મનો ચંદરવો માએ આંખ્યુંમાં આંજ્યો,*
*દીવો થાવા મંદિરનો ચાંદો આવી પૂગ્યો, કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો.*

પડી ગયેલું. હું કંઈ બહુ સેન્ટિમેન્ટલ કહેવાઉં એવી વ્યક્તિ નથી અને આ કોઈ હૃદયદ્રાવક દ્રશ્ય નહોતું, તેમ છતાં કોણ જાણે કેમ પણ એ ઘડીએ મેં વિચિત્ર લાગણી અનુભવી. પછી એ મને સેન્ડલ પહેરાવવા ગયો તો મેં કહ્યું, 'ઈટ્સ ઓકે, હું જાતે ટ્રાય કરી લઈશ.' એને કદાચ પોતાની સેલ્સમેનશિપ કાચી પડ્યાની ચિંતા થઈ હશે, એટલે પોતાના જ હાથે પહેરાવવાનો આગ્રહ રાખ્યો. એના માટે આ રોજિંદી ડ્યૂટી હતી.

હજી એક ત્રીજો પ્રસંગ કહું. અમારી હાઉસિંગ સોસાયટીના મેનેજર સાથે હું કોઈ મુદ્દે લડી પડી. મેં ઓફિસમાં એટલી ઘાંટાઘાંટ કરી કે પચીસ છવ્વીસની ઉંમરનો લાગતો એ યુવાન ખરેખર ડરી ગયો. મને શાંત પાડવાની કોશિશ કરવામાં એને સફળતા મળી નહીં, પણ પછી પોતાની જગ્યાએથી ઊભા થઈને એ કબાટમાં ફાઈલ શોધવા ગયો ત્યારે મારી નજર એના પગ ભણી ગઈ. આખા દિવસના થાકેલા પગને કદાચ આરામ આપવા એણે પગમાંથી બૂટ ઉતારી નાખીને માત્ર સૉક્સ પહેરી રાખેલાં અને બંનેમાં એડીઓ દેખાય એવા મસમોટાં કાણાં હતાં. મારા દિમાગનો પારો નીચે ઊતરવા લાગ્યો. અધૂરામાં પૂરું ત્યારે મને ખબર પડી કે એ નાઈટ કૉલેજમાં ભણતો હતો. એ યુવાન વિશે હું ઝાઝું નથી જાણતી, પણ ત્યાં બેઠાંબેઠાં અનેક વિચારો આવી ગયા. એની પાસે આ એક જ જોડી મોજાં હશે. બીજાં પણ આવાં જ હશે. એ ધોતી-સૂકવતી વખતે એની માતાને કેવી લાગણી થતી હશે! નાઈટ કૉલેજમાં એની સાથેના બીજા છોકરા પણ આવાં જ ફાટેલાં બૂટ મોજાં પહેરીને આવતા હશે.

અહીં લખેલા ત્રણેય પ્રસંગ આમ તો બહુ મામૂલી લાગે આવે છે. કદાચ તમને એમાં થોડી વેવલાઈનાં દર્શન પણ થાય. કોઈ કહેશે કે, આમાં શું લાગવા-લગાડવાનું? એમ તો જ્વેલરીની દુકાનમાં કામ કરનારા પાસે મોંઘા દાગીના ખરીદવાની તાકાત નથી હોતી કે સોસાયટીના મેનેજર જેવા નબળી આર્થિક સ્થિતિ ધરાવતા હજારો યુવાનો કામ કરતાં કરતાં ભણે છે. સાચું કહું તો મેં પોતે પણ આ બધું વિચારી લીધું, તોયે જૂના ઘસાઈ ગયેલા શૂઝ અને ફાટેલાં મોજાં મારા દિમાગમાંથી હટતા નથી. અલબત્ત, ભારતના અડધાથી વધુ લોકોની હાલત એવી છે અને એમાં આપણે કંઈ કરી શકવાના નથી, પરંતુ એટલો પાઠ મને મળ્યો કે, આપણાથી નબળી આર્થિક સ્થિતિ ધરાવતી વ્યક્તિ પર કોઈવાર સખત ગુસ્સો આવી જાય, ત્યારે એનાં પગરખાં પર નજર પડે તો એ ઘડીએ કદાચ આપણી વર્તણૂક થોડી બદલાવાની શક્યતા ખરી. અહીં દયા ખાવાની વાત નથી.

ઈંગ્લિશ ભાષામાં 'empathy' શબ્દ છે, જેનો સમાનાર્થી ગુજરાતી શબ્દ મને નથી મળતો, પણ એમાંથી અર્થ એવો નીકળે કે, સામેવાળાની સ્થિતિ સમજવી અને એટલું તો આપણાથી થઈ શકે. પૈસેટકે સુખી લોકો સહેલાઈથી 'લાઈફ ઈઝ શોર્ટ' જેવા વાક્ય બોલી જાય છે, પણ હકીકતમાં જિંદગીના રસ્તા લાંબા અને ઊબડખાબડ છે. જેના પગમાં સારાં પગરખાં નથી, એમના માટે યાત્રા વધુ કઠિન હોય છે. કોઈવાર એમના પગ ભણી જોઈને કંઈ વધુ કરવાની ઈચ્છા થઈ આવે તો વાર નહીં લગાડતા.

* * *

*માવડીની કોટમાં તારાનાં મોતી, જનનીની આંખ્યુંમાં પૂનમની જ્યોતિ,*
*છડી રે પુકારી માની મોરલો ટહુક્યો, નોરતાંના રથના ઘૂઘરા બોલ્યા,*
*અજવાળી રાતે માથે અમૃત ઢોળ્યાં, ગગનનો ગરબો માનાં ચરણોમાં ઝૂક્યો,*
*કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો. – અવિનાશ વ્યાસ*

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન

સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### શ્રી કચ્છી જૈન મહિલા મંડળ - કલકત્તા

૨૪-૬-૨૦૧૭ના રોજ કસ્તુરબેન દેઢિયા તરફથી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવેલ તેમજ તેમના તરફથી સંઘ જમણ રાખવામાં આવેલ.

પર્વ પર્યુષણ ખબ ધામધૂમથી મનાવવામાં આવેલ મુંબઈથી અલ્પેશભાઈ પધારેલ ખૂબજ પ્રવૃત્તિ તેમજ બાળકો માટેની ગેમ્સ પણ રમાડેલ સપના લક્કી ડ્રો થી કરવામાં આવેલ. પારણું સંજયભાઈએ પધરાવેલ. પોથી પધરાવેલ. પાંચ ભાઈઓ તપસ્યા કરેલ. ચૈત્ય પરિપાટી જયશ્રીબેન ખોના તરફથી કરાવવામાં આવેલ.

૫-૯-૨૦૧૭ના રીટાબેન સાવલાના ઘરે જાપ રાખવામાં આવેલ. જાપ પછી ઉર્મિલાબેન ગેમ્સ રમાડેલ.

૮-૯-૨૦૧૭ના સ્મિતા શાહ તરફથી ઉટવા હોટલમાં કીટી પાર્ટી રાખવામાં આવેલ. બે ગેમ્સ ૧ હાઉઝી રમાડી અલ્પાહાર લઈ છૂટા પડ્યા.

૧૫-૯-૨૦૧૭ના હેમલતાબેન મગનભાઈના ઘરે જાપ રાખવામાં આવેલ.

૧૭-૯-૨૦૧૭ના રોજ અરવિંદભાઈ શાહ તરફથી શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા ભણાવવામાં આવેલ. સંઘ જમણ નું આયોજન કરવામાં આવેલ.

### શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ, ભારતનગર-ગાંધીધામ

૧) ૧૮-૮-૨૦૧૭ના શ્રી મહાકાળી માતાજીની ભાવના ભાગ્યશાળીનું નામ શ્રી મુલચંદ રતનશી શીયાળ, જખૌ, હસ્તે ભરતભાઈ તરફથી રાખવામાં આવેલ. તેમાં સારી સંખ્યાએ લાભ લીધેલ. ભાવનામાં નીલમબેન દંડ, નુતનબેન, પ્રીતીબેન તથા જયંતભાઈ, શામજીભાઈ, ઉદયભાઈ, મનીશભાઈ વગેરે રમઝટ જમાવેલ. લીતેશભાઈ, યશ લોડાયા સારી રમઝટ જમાવેલ.

૨) ૨૮-૮-૨૦૧૭ના રાત્રે ૯ કલાકે શ્રી મહાકાલી માતાજીની ભાવનાના ભાગ્યશાળી માતુશ્રી ચંદનબેન શાંતીલાલ વાલજી મોમાયા પરિવાર, ગાંધીધામ-સાંયરા વાલા તરફથી રાખવામાં આવેલ. ભાવનામાં નીલમબેન દંડ, નુતનબેન, મીનાબેન, પ્રીતીબેન કુરૂવા તથા પ્રેમચંદભાઈ મોમાયા, જયંતભાઈ, પ્રદીપભાઈ ખોના, ઉદયભાઈ તથા ચાંદનીબેન છેડા સારી એવી રમઝટ જમાવેલ. યશ લોડાયા, ઉદયભાઈ મુનવર તથા અખીલ લોડાયા, હારમોનીયમની સારી રમઝટ જમાવેલ. ચંદ્રીકાબેન તથા નીશી મોમાયા ચામરથી રમઝટ જમાવેલ.

૩) ૩૦-૮-૨૦૧૭ના અ.સૌ. ભાવિકા હિમાંશુ નાગડાની શ્રીમંત પ્રસંગે શ્રી કાંતીલાલ કલ્યાણજી નાગડા તરફથી શ્રી મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવેલ. શ્રી નરેન્દ્રભાઈ મોમાયા, જયંતભાઈ, ઉદયભાઈ, લીતેશભાઈ તથા કાંતીલાલભાઈ લાલકા, નીલમબેન દંડ, પ્રીતીબેન તથા બહેનો એ સારી રમઝટ જમાવેલ.

### શ્રી પદમમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની પ્રેરણાથી આપણા ટ્રસ્ટની સ્થાપના કરેલ. તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના આર્શિવાદ અને માર્ગદર્શનથી ટ્રસ્ટના સમાજસેવાના કાર્યોમાં હંમેશા સફળતા પ્રાપ્ત કરેલ છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવવાનું, આપણા જ્ઞાતિના ખાનદેશના રહેવાસીઓને અનાજ વિતરણ વૈદ્યકિય સહાયતા, મતિમંદ વિદ્યાલયમાં બાળકોને ભોજન, કરાવવાનું કાર્ય, પાણીની પરબ પાચોરામાં પણ દર શનિવારે ગરીબોને ભોજન કરાવવાનો કાર્ય ખૂબજ સરળતા પૂર્વક ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજનનો નકરો આપનાર દાતા : ૧) કલા કિશારે ચિતોડ (તળાજા), ૨) ભાગ્યવંતિબેન લક્ષ્મીચંદ નાગડા (બેંગલોર), ૩) કેર્યા દિપેશ ખોના (જન્મદિવસ નિમીત્તે-મુંબઈ)

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, ટ્રસ્ટ, મોટી સિંધોડી

૨૦૧૭ના વરસમાં ધન્યાતિધન્ય શુભ પ્રસંગોની હારમાળા એટલે. સ્નેહમિલન સમારંભ, ધજા મહોત્સવનો સોનેરી અવસર, પર્યુષણ મહાપર્વની આરાધના, ત્રણ ત્રણ ચૈત્ય પરીપાટીઓ જેવી કે સ્થાનિકે મુંબઈ-દેવલાલી અને હૈદરાબાદ વગેરે સુપેરે સંપન્ન થઈ અને હવે ઈંતજાર છે :


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

સ્નેહમિલન ૨૦૧૮ના પ્રસંગનો....

મહાજનશ્રી, ટ્રસ્ટ બોર્ડ તેમજ પ્રગતિ મહિલા મંડળના સંયુક્ત ઉપક્રમે ઉપરોક્ત સ્નેહમિલનનું આયોજન કરવામાં આવેલ છે સૌ નિયાણી બહેનોને સપરિવાર તથા મહિલા મંડળના સભ્યોને પધારવા પ્રેમભર્યું આમંત્રણ. રવિવાર, ૧૪-૦૧-૨૦૧૮ સવારના ૧૦ થી સાંજે ૮, સ્થળ આયરીસ બૅંક્વેટ એ.સી. હૉલ, પુરૂષોત્તમ ખેરાજ ઈસ્ટેટ, ડૉ. આર.પી. રોડ, જ્ઞાનસરિતા સ્કૂલ પાસે, મુલુંડ (વે), મુંબઈ-૮૦.

## શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમ, વડોદરા

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની જનરલ મીટીંગ ૧૨-૧૧-૨૦૧૭ને રવિવારે સવારના ૧૧ કલાકે વડોદરા મુકામે માતુશ્રી રતનબેન કાંતિલાલ મોતા વિવિધ લક્ષી હોલ શ્રી ક.દ.ઓ. જૈન સમાજ, સરસ્વતી નગર સોસાયટી, વારસીયા રીંગ રોડ, વડોદરા. એડ્રેસ પર રાખવામાં આવી જેમાં એજન્ડા મુજબની કાર્યવાહી કરવામાં આવી. એકમના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા એ રાજીનામું આપતા વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૨૦ માટે નવી કારોબારી સમીતીની રચના કરવામાં આવી હાલારના શ્રી તિલકચંદ્ર જયંતિલાલ ખોનાની સર્વાનુંમતે પ્રમુખ પદે નિમણુક કરવામાં આવી.

**ટ્રસ્ટ બોર્ડ :** ૧) શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા-રાજકોટ - મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, ૨) શ્રી તિલકચંદ્ર જયંતિલાલ ખોના - જામનગર - ટ્રસ્ટીશ્રી, ૩) શ્રી મુકેશ માણેકજી લોડાયા - વડોદરા - ટ્રસ્ટીશ્રી, ૪) શ્રી હીરેન મહેન્દ્રભાઈ મોતા - અમદાવાદ - ટ્રસ્ટીશ્રી.

**કારોબારી સમીતી :** ૧) શ્રી તિલકચંદ્ર જયંતિલાલ ખોના - જામનગર - પ્રમુખ, ૨) શ્રી કમલેશ માણેકજી દંડ - અકંલેશ્વર - ઉપ પ્રમુખ - દક્ષીણ ગુજરાત, ૩) શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા - વડોદરા - ઉપ પ્રમુખ - મધ્ય ગુજરાત, ૪) શ્રી રાજેશ ખીમચંદ ધરમશી - અમદાવાદ - ઉપ પ્રમુખ - ઉત્તર ગુજરાત, ૫) શ્રી મુકેશ માણેકજી લોડાયા - વડોદરા - સેક્રેટરી, ૬) શ્રી ભાવેશ નવિનચન્દ્ર ખોના - હાલોલ - ખજાનચી, ૮) શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા-રાજકોટ, ૯) શ્રી હીરેન મહેન્દ્રભાઈ મોતા - અમદાવાદ, ૧૦) શ્રીમધુકાંત પી. મોમાયા - અકંલેશ્વર, ૧૧) શ્રી ગુલાબ ત્રીકમજી નાગડા - જામનગર, ૧૨) શ્રી મેહુલ ચંપકલાલ ધરમશી - રંગપર, ૧૩) શ્રી તેજકુમાર એસ. જૈન - રાજકોટ, ૧૪) શ્રી નવિનભાઈ કુંવરજી ધરમશી- ગોરખડી, ૧૫) શ્રી નરેન્દ્ર દામજી મોમાયા વડોદરા, ૧૬) શ્રી કેતન નરેન્દ્રભાઈ લોડાયા - અમદાવાદ, ૧૭) શ્રી દેવેશ દિલીપભાઈ દંડ - અમદાવાદ, ૧૮) શ્રી રવિ દિલીપભાઈ ધરમશી - પાલીતાણા સર્વે સભ્યો તથા આમંત્રીત મહેમાનો માટે મીટીંગ બાદ ભોજનની વ્યવસ્થા એકમના સ્થાપક કન્વીનર શ્રી માણેકજી ખીમજી લોડાયા પરિવાર, શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા પરિવાર તથા શ્રી ચંદ્રેશ દિનેશભાઈ નાગડા પરિવાર તરફ થી કરવામાં આવી.

## વડોદરા-ગીરનાર યાત્રા

વડોદરા કેડીઓ નગરે પૂ. સાધ્વી શ્રી હંસાવલી મ.સા. ની નિશ્રા હેઠળ લકઝરી બસ દ્વારા ત્રણ દિવસની ગીરનાર તીર્થની યાત્રાનું આયોજન કરવામાં આવ્યુ જેમા ૪૫ યાત્રીકોએ યાત્રાનો લાભ લીધો. માતુશ્રી દમયંતીબેન રતનશી લોડાયા-સાંયરા પરિવાર તરફથી ભાવ યાત્રા બાદ સંઘ સ્વામી ભક્તિની વ્યવંસ્થા હતી. સંઘ યાત્રા કરાવનાર (૧) શ્રીમતી વર્ષાબેન રાજેશભાઈ મોતા (૨) સંઘમાતા નિર્મલાબેન કુંવરજી લાલકા (૩) શ્રીમતી દમયંતીબેન શાંતિલાલ લોડાયા (૪) શ્રીમતી સુશીલાબેન ચંદ્રકાંત ખોના (૫) શ્રીમતી ગુણવંતીબેન ભરતકુમાર લોડાયા (૬) શ્રીમતી ઉષાબેન ખિરેન્દ્ર લોડાયા પરિવારોએ લાભ લીધો. શ્રી નરેન્દ્રભાઈ મોમાયા તથા તરૂણભાઈ નાગડાએ સુંદર આયોજન કર્યુ.

## શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ

શ્રી સંઘે દરેક મહિનાની સુદ ૮ ના શ્રી મહાકાળી ભાવનાનો નિર્ણય લીધો છે. માગશર સુદ ૮, ૨૬-૧૧-૨૦૧૭ રવિવારના સવારના ૧૦ વાગે માટુંગા સહસ્ત્રફેણા પાર્શ્વનાથ દેરાસરના ઉપાશ્રયમાં અચલગચ્છ સંઘના અધિષ્ઠાયિકા દેવીશ્રી મહાકાલી માતાજીની ભાવના રાખવામાં આવી છે. શ્રી અનંત મિત્ર મંડળ ભાંડુપ ભાવના ભણાવવા પધારશે. શ્રી ધર્મેન્દ્ર રતીલાલ નાગડા ચાચાવલા જખૌ પરિવારે લાભ લીધો છે. આગામી પોષ સુદ ૮, ૨૬-૧૨-૨૦૧૭ મંગળવારના જેને લાભ લેવો હોય તેમણે માટુંગા સંઘને જણાવવા વિનંતી છે.

## વારાપધ્ધર ગામમાં લાલકા પરિવારની પહેડી

વારાપધ્ધરમાં કુળદેવી ચામુંડા માતાજીને નમતા ભાવિકોની પહેડી વારાપધ્ધરમાં કારતક સુદ ૧૫, ૪-૧૧-૨૦૧૭ના થયેલ. સવારના નવકારશી હવન, પહેડી પ્રસાદના લાભાર્થી માતુશ્રી હીરબાઈ કુંવરજી માણશી લાલકા પરિવાર હતા. કચ્છ, મુંબઈ, હૈદરાબાદ, પૂના થી સારી સંખ્યામાં ભાવિકો પધારેલ. મુંબઈ મહાજન પ્રમુખ શ્રી કલ્પેશભાઈ મોતા. શાંતિજિન જાગૃતી ગ્રુપના પ્રમુખ શ્રી જયેશભાઈ, ઉપપ્રમુખ ગોવિંદજીભાઈ પટેલ પધારેલ. વિનોદભાઈ, જયેશભાઈ, પંકજ, રાજેન્દ્રભાઈ, તિલક, તેમજ વારાપધર ના પુજારી હેમંતભાઈ જીવુભા દરબારે વ્યવસ્થા સંભાળેલ.

## શ્રી કાંજુરમાર્ગ અચલગચ્છ જૈન સંઘમાં ચાતુર્માસ

તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી પૂ. સા. મહોદયા શ્રી મ.સા.ના શિષ્ય, પૂ. સા. યશોદયાશ્રી મ.સા.ના

શિષ્ય, પૂ. સા. હર્ષનિધિશ્રી મ.સા., પૂ. શ્રેયસકરાશ્રીજી મ.સા. (સંસાર પક્ષે માતુશ્રી કુંવરબાઈ વશનજી માયા મોતા-કચ્છ ગામ સુથરીના દોહિત્રી તથા દીકરી) ચાતુર્માસ અર્થે ૩૦-૬-૨૦૧૭ના ભવ્યાતિ ભવ્ય પ્રવેશ થયો (પૂ.સા. શ્રી હર્ષનીધી મ.સા. તથા પૂ.સા. શ્રેયસકરા મ.સા.નું ૨૦ વર્ષ પછી મુંબઈમાં આગમન થયું). ચાતુર્માસ દરમ્યાન શ્રી શત્રુંજય તપ, અહને ઓગાળતું અર્હ અનુષ્ઠાન, ધ્યાન, યોગમાં સ્થિર કરાવતું લોગસ્સ અનુષ્ઠાન, ભવોની વૃધ્ધિ કરાવી અરિહંતમય બનાવતું વર્ધમાન શકસ્તવ અનુષ્ઠાનનું આયોજન થયું. શ્રી શંખેશ્વર સાહિબ સાચો શ્રી શંખેશ્વર દાદાની અદભુત યાત્રા, શ્રી નેમિપ્રભુ જન્મ દીક્ષા કલ્યાણકે ત્ર્યાન્હિકા આરાધના, જન્મ મહોત્સવ ફઈયારૂ, મામેરૂ સાથે પારણા શણગાર સ્પર્ધા, દિક્ષા કલ્યાણ કે ગિરનાર ગિરિ સંવેદના તથા કવીઝ, દીક્ષા કલ્યાણ કે દીવસે સુંદર નાટક અને નેમિ રાજુલ અખંડ જાપ અને અહમ તપ સંવત્સરીની આરાધના, રવિવારીય બાળ સંસ્કરણ શિબિર, યુવા ઉત્કર્ષ શિબિરો તથા બહેનો માટે નારી તું નારાયણી શિબિર માધ્યમે જ્ઞાન ગોષ્ટિના આયોજન થયાં. પર્વ દરમ્યાન વિવિધ તપસ્યાઓ થઈ.

જૈન શાસનને જ્વલંત ઈતિહાસ આપનાર શાનદાર જાજરમાન વ્યક્તિત્વ ધરાવતી માતાઓનું થયું આગમન, એક એક માતાએ કેવા પુણ્યશાળી પુત્ર રત્નની જિનશાસનને ભેટ આપી રત્નકુક્ષી 'મા' બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું. તેની પ્રત્યક્ષ ઝલક બતાવતી માતા ઓના સુંદર વાર્તાલાપ યોજાયા. અભયકુમાર શ્રેણિક મહારાજા - આયકુમાર અને ઈતિહાસ સુવર્ણ પાને અમર રહેનાર પાત્રોનું બાળકો દ્વારા અભિનય, પરમહંત કુમારપાળ રાજાનો દરબાર, ભવ્ય આરતી, આ રીતે વિવિધ અનુષ્ઠાનો તથા આરાધનાથી પર્ણ થયા.

ભાદરવાની પૂનમના ગુરૂ ગુણોદય જન્મોત્સવ, ગુરૂ ગુણ ગુંજન, ગરવા ગુરૂરાજ કવીઝ રમાડવામાં આવી. પૂ. નરેન્દ્ર શ્રી મ.સા. તથા પૂ. વિધ્યુતપ્રભા શ્રી મ.સા.ની પુણ્યતિથિ નિમિત્તે વિરાત ધર્મની આરાધના, અરિહંત અંતાક્ષરી ત્રિરંગી સામાયિક ધર્મની આરાધના, ભક્તિગીતની હાઉઝી રમાડવામાં આવી તથા ગુરૂ ગુણાનુવાદનું પ્રવચન કરવામાં આવ્યું. શ્રી અચલગચ્છાધિષ્ઠાયિકા મહાકાળી મહાકાળી દેવીનું પૂજન ભાવના કરવામાં આવી.

ગુરૂ ગુણસાગર સૂરિજીની પુણ્યતિથિ નિમિત્તે અઠ્ઠમતપ તથા પંચ દિવસીય અનુષ્ઠાન શ્રેણી કરવામાં આવી, ગુરૂ ગુણ ગુણાનુવાદ શ્રી નમસ્કાર મહામંત્રના નવદિવસીય (સવારના ૬ થી સાંજે ૬) અખંડ ભાષ્ય જાપ કરવામાં આવેલ. શ્રી નમસ્કાર મહામંત્રનું અનુષ્ઠાન પણ કરવામાં આવેલ. અચલગચ્છને જ્વલંત ઈતિહાસ આપનાર દાદાશ્રી આર્યરક્ષિતસૂરીજીથી લઈને શ્રી ગુણસાગરસૂરીજી મ.સા. સુધીના ૭૬ ગુરૂ ભગવંતોનું વિશિષ્ટ પ્રકારનું અનુષ્ઠાન કરવામાં આવેલ તેમા ૭૬ ગહુલી, ૭૬ ફળ, ૭૬ નૈવેદ્ય, ૭૬ દિવાથી વિશિષ્ટ પૂજન થયેલ. તેમાં ચારિત્ર વંદનાવલી અને રત્નમયી મોલ રમાડવામાં આવેલ. શ્રી સિધ્ધદાયક સિધ્ધચક્રની આરાધના આંબિલ તપની સામૂહિક તપશ્ચર્યા થયેલ. શ્રી વિમલનાથ દાદાના જાપ સહ ૨૧ દિવસીય આરાધના કરાવેલ.

### શ્રી કાંજૂરમાર્ગ અચલગચ્છ જૈન સંઘ

દિવાળીના પર્વમાં પંચ દિવસીય આરાધના કરાવેલ તેમાં શ્રી શ્રુતદેવી સરસ્વતીમાનું પૂજન, ગૌતમ સ્વામી ચરણો પાસિકા, શ્રી મહાલક્ષ્મી દેવીનું પૂજન, શ્રી વીર નિર્વાણ કલ્યાણકના દિવસે, પાવાપુરીની રંગોળીની રચના અખંડ જાપ, બેસતા વર્ષ શ્રી ગૌતમ ગણધર કેવલજ્ઞાન દિને શ્રી ગૌતમસ્વામી અનુષ્ઠાન કરાવેલ. જ્ઞાન પંચમીના દિવસે શ્રી શ્રુત જ્ઞાનની ઉપાસના વિશિષ્ટ પ્રકારે આરાધના કરાવેલ તેમાં તપ-જપ-સહ શ્રી જ્ઞાન ઉપકરણ શણગાર સ્પર્ધા, ભક્તિ ગીત, સ્તવન સ્પર્ધા, સાથે બાલ સંસ્કરણ, કીડસ કીટી પાર્ટીનું આયોજન કરવામાં આવેલ. ફટાકડા ન ફોડનાર બાળકોને સુંદર ઈનામો આપવામાં આવેલ. કાર્તકી પૂનમે શ્રી સિધ્ધાચલજીની ભાવયાત્રા તથા ૧૦૮ ખમાસમણા અને ૧૦૮ ગહુલીથી ગિરિશિલાનું પૂજન ગિરિ વધામણા સાથે ચોમાસી પ્રતિક્રમણ સાથે પૂર્ણાહૂતિ થઈ.

### સાંયરામાં ધાર્મિક આરાધના

કારતક સુદ ૧, ૨૦ ઓક્ટોબરના શ્રી રંગમંડપ ઉઘાડવાનું ઘી મણ ૩૫૧ માં માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવારે, શ્રી મૂળનાયકની ગંભારો ઉઘાવવાનો મણ ૪૦૧માં માતુશ્રી ભચીબાઈ પદમશી લોડાયા હસ્તે અ.સૌ. જયાબેન શાંતિલાલ લોડાયા પરિવારે, શ્રી શાંતિનાથ પ્રભુની દેરી ઉઘાડવાનું ઘી ૨૫૧ મણ માં શ્રી વાલજી હીરજી ખોના પરિવારે અને શ્રી અજીતનાથ પ્રભુની દેરી ઉઘાડવાનું મણ ૩૦૧માં માતુશ્રી ધનબાઈ શીવજી લોડાયા પરિવારે લાભ લીધેલ. શાળા-કોલેજમાં વેકેશન હોવાથી ભાવિકોના વિવિધ સંઘો પધારેલ.

સાંયરામાં દીક્ષાર્થીબેન શ્રી નેહાબેન હીતેશ ખીમજી મોમાયા માલેગાવ થી આવેલ તેમનું સાંયરા સંઘે બહુમાન કરેલ. ૨ નવેમ્બરના ભલારા દાદાની ધ્વજા ચડાવેલ માતુશ્રી લીલાવંતીબાઈ રાયચંદ લોડાયા રાંગોલીવાલા તરફથી સ્વામી વાત્સલ્ય જમણ થયેલ તેમજ માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં રતીલાલભાઈ ધ્રોળ, પ્રેમચંદ મોમાયા, સતીષભાઈ સાવલા, વાલબાઈ ધ્રોળ તથા તારીકાબેન ગીરીશ લોડાયા હીંગોલીવાલા સારી રમઝટ બજાવેલ. કારતક પૂનમ ૩ નવેમ્બરે માતુશ્રી સોનબાઈ મુલજી પટેલ પરિવાર તરફથી

સ્વામી વાત્સલ્ય જમણ થયેલ. સ્કૂલમાં એમના તરફથી પ્રભાવના થયેલ. રતીલાલ ધ્રોળની સળંગ ૧૪૮મી અને દીનેશ પટેલની છૂટક ૭૩ પૂનમ થયેલ છે.

**ભાંડુપમાં કાર્તિક પૂનમ**

ગુરૂદેવ પૂ. સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શ્રી સિધ્ધાચલ તીર્થ પટ્ટ સમક્ષ સકળ શ્રી સંઘે ૧૦૮ ખમાસણા આથી ચૈત્યવંદન સ્તવના આદી ક્રિયાએ પૂ. સા.શ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા.એ જપ તળેટી થી દાદા દરબાર સુધીની ભાવ યાત્રાએ સૌને ભીના કર્યા. યાત્રાની પૂર્ણાહુતીએ માતુશ્રી લક્ષ્મીબેન ટોકરશી લોડાયા હ. જિતેન્દ્રભાઈ તરફથી સેવ બુંદીનું ભાથું અપાયું.

હર પૂનમે અલગ અલગ શ્રધ્ધા ભક્તો તરફથી પણ દાદા દરબારે ભાથું અપાય છે આ પૂનમે મુલુંડના શ્રી ભદ્રીકભાઈ તરફથી હતું.

**ચાતુર્માસ વિદાય સમારંભ - ભાંડુપ**

ક્રિયાશીલ ચાતુર્માસની પૂર્ણાહુતીએ ગુરૂદેવોના ચાતુર્માસ વિદાયે સંઘના શ્રી મનોજ લોડાયા, કુમાર દંડ, ચંદ્રેશ લોડાયા, ડિમ્પલ લોડાયા અને કુ. ક્રિયા સાથે અન્યોએ પણ ગુરૂદેવોના ઉપકારોને યાદ કરી ઋણ અદા કર્યું હતું.

શ્રી લહેરચંદ મૈશેરીએ ચાર્તુમાસ પ્રવેશથી વિદાય સુધીના કાર્યક્રમોને યાદ કરી. મહાભદ્ર તપે સંઘને મળેલ ગરીમાને અગ્રતાક્રમ આપ્યો હતી. પ્રત્યુત્તરે ગુરૂદેવોએ પણ સંઘના સાથ સહકાર અને ભાવોને યાદ કરતા સૌએ આપસી ''મિચ્છામિ દુક્કડમ'' માંગેલ. ચાતુર્માસ વિદાયે બંને સંઘના ૧૫૦ જણ પાદ વિહારે જોડાઈ જોય હોમના તેરાથી હૉલમાં ગુરૂદેવો ને વિદાય આપતાં મનોજભાઈ લોડાયા અને લહેરચંદ મૈશેરીએ હૃદયનો ભાવો પ્રગટ કર્યા હતા. શ્રી સંઘ તરફથી નવકારશી હતી.

મુમુક્ષુ શ્રી જયકુમાર ભુપેન્દ્ર ગડા, ભીંસરાવાલા સંયમ માર્ગે જવાના હોઈ સંઘની વિનંતીએ પધારતા ચાતુર્માસ ગુરૂદેવો,, કુમાર દંડ, લહેરચંદ મૈશેરી વગેરેએ સંયમ શુભેચ્છાઓ અર્પતા શ્રી સંઘે દિક્ષાર્થીને તિલક, હાર, શ્રીફળ, શાલ અને રૂા. ૧૧૦૦નું કવર આપી અનુમોદના કરી. પિતાશ્રી ભૂપેન્દ્રભાઈનું પણ ગૌરવ કર્યું.

કુમાર દંડ, મનોજ લોડાયા, કિર્તી હરીયા વડીલોને માન આપી શ્રમણોના વિહારે ચૌવિહાર મંડળ માં ૨૫ શ્રાવક, શ્રાવિકા સેવા આપવા તત્પરતા દેખાડી શ્રી લહેરચંદ લોડાયા ભાવના પોલડીયા અને ઇલાબેન ખોના વિહારે માર્ગે રહે છે તપગચ્છના આ.ભ. વિમલસાગરસૂરીજી મ.સા.એ ભાંડુપના તપસ્યા અનુષ્ઠાનો, પૂજનો, ચાર દિવસ સરસ્વતી પૂજન, પ્રવચન, જાપ, તપ, રથયાત્રા બહુમાન સ્વામિભક્તિ એમ હર પ્રસંગે અહોભાવ પ્રગટે તેવા નિત્ય ૨૦૦૦ની સંખ્યાએ ઇતિહાસ સજાર્યો. સંખ્યાબંધ જ્ઞાતિજનોએ નિત્ય હાજર રહેતા લાભ લીધો. ચાતુર્માસ પૂર્ણાહુતિએ આપણું જિનાલય ઉપાશ્રય રોડ ટચ રહેતા નિત્ય શ્રમણોની આવનજાવન ચાલુ છે. ટ્રસ્ટ બોર્ડ અને ભાંડુપ સંઘ શ્રેષ્ઠ વૈયાવચ્ચ કરે છે.

**શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના ટ્રસ્ટ બોર્ડની સભા મળી. ટુંક સમયમાં શરૂ થશે ઈ ન્યુઝ પેપર**

ટ્રસ્ટ બોર્ડની સભા રવિવાર ૧૨-૧૧-૨૦૧૭ના બપોરે કાર્યાલયે સંપન્ન થઇ. લીડરશીપ સમીટની કાર્યવાહીને અનુલક્ષીને ગર્વનીંગ કાઉન્સીલની રચના અને તેનો મુસદો ઘડવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું જેની જવાબદારી શ્રી નિશિથભાઈ દંડ, શ્રી રાજેન્દ્રભાઈ ખોના, શ્રી મુલચંદભાઈ મોતા, શ્રી રાજેન્દ્રભાઈ મોમાયા અને શ્રી ચીમન મોતાને સોંપવામાં આવી.

ઈ પેપર ડેઇલી ન્યુઝ 'જ્ઞાતિ મૈયા' ના નામે ટુંક સમયમાં શરૂ થશે અને જાન્યુ. થી પખવાડિક મુખપત્ર તરીકે પણ પ્રસિધ્ધ થશે જેની માલિકી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની રહેશે. પ્રીન્ટર પબ્લીસરની માનદ જવાબદારી શ્રી જયંતભાઈ છેડા તથા ચીફ એડીટરની માનદ સેવા શ્રી ચીમન મોતા વહન કરશે તથા દેશાવર માટે શ્રી મુલચંદભાઈ મોતા કાર્યરત રહશે. મહાસમિતીના વિશાળ નેટવર્કનો ઉપયોગ માનદ પ્રતિનીધિઓના માધ્યમે સમાચાર રીર્પોટીંગ દ્વારા થશે.

આગામી જ્ઞાતિ સંમેલન ૨૮,૨૯,૩૦ ડીસેમ્બર ૨૦૧૮ દરમ્યાન શ્રી ક.દ.ઓ. જૈન મહાજન નલિયાના યજમાન પણામાં નલિયા ખાતે થશે. સ્થળ નિરીક્ષણ અને વ્યવસ્થા અંગે આગામી જાન્યુ. માં ટ્રસ્ટ બોર્ડ પ્રત્યક્ષ મુલાકાત લેશે. આ સમય ગાળા દરમ્યાન જ્ઞાતિ સંસ્થાઓ/જ્ઞાતિજનો જાહેર/સામૂહિક કાર્યક્રમો ન યોજી, સંમેલનમાં પૂર્ણ હાજરી થાય તેની તકેદારી લઈ સહયોગ આપે એવી અપીલ કરાઈ છે.

મુંબઈ વિભાગની ખાલી બેઠક પર શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયા, આરિખાણા-મુલુંડ તથા મહારાષ્ટ્ર વિભાગની બેઠક પર શ્રી રાજેશભાઈ દામજી પોલડીયા, ગોઅરસમા-નાશિકની સર્વાનુમતે વરણી થયેલ છે.

હંગામી ધોરણે માનદ કોષાધ્યાક્ષની નિયુક્તી શ્રી બીપીનભાઈ નાગડા, મુલુંડ-રંગપુરની થઈ છે.

**સમસ્ત જ્ઞાતિ આકસ્મીક વિમા યોજના**

શ્રેષ્ઠીવર્ય શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા, રવા-ચેમ્બુર પરિવાર. સમસ્ત જ્ઞાતિ આકસ્મીક વિમા યોજના અંતર્ગત તાજેતરમાં શ્રી. નિતીનભાઈ જવેરચંદ ધરમશી, આણદ-ગુજરાતના થયેલ આકસ્મીક અવસાનથી ક્લેઈમનો રૂા. ૨.૫૦ લાખનો ચેક એમના પરિવારજનો ને સુપ્રત કરાયો.

**નવા/બદલાયેલા સરનામા/ફોન –** (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **શાંતિલાલ હીરજી લાપસિયા** | જલગામ (સુથરી). નવો મોબાઈલ જીયો નં. ૯૯૭૨૬ ૯૧૩૧૩ |
| **પ્રફુલ ત્રિકમજી દંડ** (PS 445) | બી-૭, ન્યુ બી.એમ.સી. કોલોની, આઝાદ નગર, આર. એ. કિડવાઈ રોડ, વડાલા, મુંબઈ - ૪૦૦ ૦૩૧. મો. : ૯૧૬૭૬ ૬૭૧૩૮ |
| **પ્રતાપ મુલજી ધરમશી** (PS 1800) | ૧૨૦૧, રૂનવાલ ગ્રીન, રોઝવુડ બિલ્ડીંગ, ટાવર ૩, ફોર્ટીસ હોસ્પીટલ પાસે, નાહુર, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. મો.: ૯૦૨૨૮ ૮૯૦૧૮ |
| **કિશોર હીરજી છેડા** (PS 1840) | ૫૦૨, વિનાયક પેરેડાઈઝ, બી.પી. ક્રોસ રોડ નં. ૨, ઓફ દેવીદયાલ રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. ફોન : ૦૨૨-૨૫૬૮ ૭૫૪૬ |
| **ડૉ. ખુશાલ લક્ષ્મીચંદ શાહ (દંડ)** (PS 1011) | ૧૦૦૩, તક્ષશિલા, નીલકંઠ કિંગ્ડમ, વિદ્યાવિહાર (વેસ્ટ), ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. |
| **લાજેશ રતીલાલ મોતા** (PS 2657) | હાઉસ નં. ૫, પ્લોટ નં. ૨૧૬, નિશાંત કુટીર, બીજે માળે, સેક્ટર નં. ૨૮, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૩. |
| **દીપ મહેન્દ્ર શાહ (દંડ)** (PS 7335) | એ-૫૦૪, પ્લેટિનમ પેલેશિયો, બિલ્ડીંગ નં. ૧, સેક્ટર નં. ૨૩, પ્લોટ નં. ૨૨૦, ઉલ્વે, નવી મુંબઈ - ૪૧૦ ૨૦૬. મો.: ૭૦૨૧૦ ૧૫૬૯૮ |
| **દીપેન રમેશ લોડાયા** (PS 4035) | બી-૩૦૫, મહાવીર એપાર્ટમેન્ટ, એકતા નગર, ભોપર રોડ, દેસલેપાડા, શનિ મંદિર પાસે, ડોમ્બીવલી (ઈસ્ટ) - ૪૨૧ ૨૦૪. મો: ૯૧૪૬૫ ૧૦૦૫૪ |
| **અમિત પ્રવીણ નાગડા** (PS 7334) | C/o. કિરણ ડી. શાહ, ૨૦૪/એ, આશાપુરા રેસીડેન્સી, બેરેજ રોડ, ખામકર સ્કુલ પાસે, બદલાપુર (વેસ્ટ) - ૪૨૧ ૫૦૩. મો.: ૯૮૯૦૩ ૮૦૫૧૮ |
| **અશ્વીન દેવજી શાહ (મૈશેરી)** (PS 5459) | ૧૫૫૫, 'ઈ' ૧૬એ મેઈન, જે. પી. નગર, બીજો ફેસ, બેંગલોર-૫૬૦ ૦૭૮. મો. : ૯૭૪૧૧ ૮૭૨૬૦ |
| **કેસરસિંહ નવીનચંદ્ર ધરમશી** (PS 5033) ભુલ સુધાર | ૭૦૩, સન હાઈટ્સ, ૩૫, ગોયાગેટ સોસાયટી, પ્રતાપ નગર, રીતેશ મેડીકલ સ્ટોરની ઊપર, વડોદરા - ૩૯૦ ૦૦૧. |

## જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૦૯-૧૭ | રાયપુર | હયાન, મિત્તલ ભાવિક શશિકાન્ત નાગડા | જખૌ | પુત્ર |
| ૧૭-૦૯-૧૭ | મુલુંડ | હનિષ્કા, દીપના કેવલ રાજેન્દ્ર મૈશેરી | જખૌ | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૧૭ | આદીપુર | નિર્મલ ગિરીશ ઠાકરશી નરશી લોડાયા | વારાપધર | ૨૪ |
| | ગાંધીધામ | શ્રીયા અક્ષય રમેશ નારાણજી દંડ | તેરા | ૨૪ |
| ૧૬-૧૧-૧૭ | પૂના | રોહિત કિશોર રાયમલ નાગડા | નલીયા | ૨૮ |
| | રાયચૂર | નિરાલી શ્રીકાંત બંકીમચંદ લોડાયા | સુથરી | ૨૬ |

**અંતરજ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૫-૧૧-૧૭ | કલ્યાણ | જીગર દેવેન્દ્ર પ્રેમજી ગણાત્રા | મોટી આકરી | ૨૭ |
| | ડોમ્બીવલી | નેહા જયંતિલાલ હંસરાજ ડાઘા | દલતુંગી | ૨૫ |
| ૧૦-૧૧-૧૭ | ઘાટકોપર | ચિરાગ કાન્તીલાલ શિયાલ | દલતુંગી | ૨૮ |
| | લોનાવલા | માધુરી દત્તાત્રેય ગાવડે | પૂના | ૨૩ |

**લગ્ન છૂટા થયા**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૧૦-૧૭ | ડોમ્બીવલી | મયુર સોમચંદ ઉમરશી લોડાયા | નલિયા | ૪૪ |
| | રાયપૂર | નીતા રાયચંદ ઘેલાભાઈ ગડા | ગોએરસમા | ૩૮ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩-૧૧-૧૭ | ડોમ્બીવલી | કમલેશ શામજી લોડાયા | દલતુંગી | ૫૬ |
| ૧૪-૧૧-૧૭ | અમદાવાદ | અ.સૌ. સોનલ દિનેશભાઈ દામજી દૌલત (ધુલ્લા) | સુથરી | ૬૫ |
| ૧૪-૧૧-૧૭ | મલાડ | કુલીન કલ્યાણજી કુરૂવા | ગોધરા | ૬૭ |
| ૧૫-૧૧-૧૭ | ડોમ્બીવલી | ધીરજલાલ રૂપશી દંડ | ભરૂડીયા | ૭૬ |
| ૧૮-૧૧-૧૭ | માંડવી | મલ્યાબેન શરદચંદ્ર દંડ | પરજાઉ | - |

## Shree K.D.O. Jain Gnati Mahajan, Mumbai
# Anant Pathology Lab
Managed by
## SHETH SHRI NARSHI NATHA MEDICAL TRUST
(Regd. Under Bombay Public Trust Act. 1950 Reg. No. E-11572 (BOM)

જન્મ વિક્રમ સંવત
૧૮૪૦



સ્વર્ગવાસ સંવત
૧૮૯૯

જ્ઞાતિ મારા માટે શું કરે છે, એ નહી પણ...
હું જ્ઞાતિ માટે શું કરું છું તે વિચારો...
- શેઠશ્રી નરશી નાથા

જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથાની ૧૭૫મી પુણ્યતિથી
નિમિત્તે અનંત પેથોલોજી લેબ આપની સમક્ષ
લાવી રહ્યું છે લેબ ટેસ્ટ અને રિપોર્ટ ઉપર 17.5% ડિસ્કાઉન્ટ

જનરલ કેમ્પ-૧ તા. ૧૧.૧૨.૨૦૧૭ (૧ દિવસ)
જનરલ કેમ્પ-૨ તા. ૧૪ થી ૨૦.૧૨.૨૦૧૭ (૭ દિવસ)
જનરલ કેમ્પ-3 તા. ૨૩ થી ૨૭.૧૨.૨૦૧૭ (૫ દિવસ)

5, Ground Floor, Ladhani House, Valji Ladha Road, Opp. Hira Mongi Hospital,
Mulund (West), Mumbai - 400 080. **Mob.:** 8879990987 **Email :** anantpathlab@gmail.com
**Lab Time : Monday - Saturday** 8:00 am to 9:00 pm / **Sunday :** 8:00 am to 1:00 pm
**Report Time :** 6:00 pm to 8:00 pm

**શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ વતી (ચેરમેન - ટ્રસ્ટી ગણ)**


# શ્રદ્ધા સુમન : દ્વિતીય પુણ્યતિથી નિમિત્તે ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ : તા. ૧૮/૧૧/૧૯૫૩

અરિહંત શરણ : તા. ૨૧/૧૧/૨૦૧૫

## સ્વ. શ્રી લબ્ધિકુમાર ભવાનજી મોમાયા (મોમાયાભાઈ)

જીવન એવું જીવી ગયા કે ભુલાય નહીં, વિદાય એવી લીધી કે વિસરાય નહીં,
મન હજી માનતું નથી કે આપ અમારી વચ્ચે નથી.

પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**માતુશ્રી મીઠીબાઈ ભવાનજી કાનજી મોમાયા પરિવાર** (જખૌ)
**માતુશ્રી દેવકાબાઈ મેઘજી દેવશી નાગડા સમસ્ત પરિવાર** (તેરા)

પત્ની : **સીમાબેન લબ્ધિકુમાર મોમાયા**
પુત્રી : **વિધાતા લબ્ધિકુમાર મોમાયા**
પુત્ર : **સ્વરાજ લબ્ધિકુમાર મોમાયા**
પુત્રવધુ : **અ.સૌ. હિનાબેન સ્વરાજ મોમાયા**

પૌત્રી : **સાક્ષી**
પૌત્ર : **જૈવિક**
દોહિત્રી : **આશી**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (20-11-17)
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2017
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ – મુંબઇ

**Shree K.D.O. Students Association**

Estd. 1954

# CHILDREN'S DAY CELEBRATION

## ORPHANAGE VISIT - SPECIAL DAY WITH SPECIAL KIDS






## BOAT PARTY - GATEWAY OF INDIA








**UPCOMING EVENT**

**26TH NOVEMBER - TRADE & FUN FAIR AT NIRMAL LIFESTYLE MALL, MULUND (W)**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,